પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૦૭, કુલ પાના:૪, તારીખ: ૨૭-૦૪-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 207 PRICE :-RS. 1.50 DATE : 27-04-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩.૫૪ લાખ નવા કેસ, ૨૮૦૦થી વધુના મોત

## બેલગામ કોરોના : દૈનિક કેસ મામલે તમામ રેકોર્ડ ધ્વસ્ત, મૃત્યુઆંક પણ વધ્યો

ન્યુ દિલ્હી,

ભારત હાલ કોરોનાની ભયાનક લહેરનો સામનો કરી રહ્યો છે. દરરોજ દેશમાં કોરોનાના રેકોર્ડ સમાન નવા કેસ સામે આવી રહ્યા છે. દેશમાં સોમવારે કોરોનાના કુલ ૩.૫૪ લાખ નવા કેસ સામે આવ્યા હતા જે વિશ્વનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. ભારતમાં સતત પમા દિવસે કોરોનાના ૩ લાખ કરતા પણ વધારે નવા કેસ સામે આવ્યા છે. મતલબ કે, છેલ્લા ૫ દિવસમાં જ દેશમાં કોરોનાના ૧૫ લાખથી વધારે નવા કેસ સામે આવ્યા છે. કોરોના સંકટની શરૂઆતમાં ભારતે સમગ્ર વિશ્વની મદદ કરી હતી. રેમડેસિવિરથી લઈને વેક્સિન પૂરી પાડવા સુધી ભારત ક્યાંય પાછું નહોતું પડ્યું. હવે જ્યારે ભારત પર કોરોનાની નવી લહેર ત્રાટકી છે તો દુનિયાના અનેક દેશ ભારતની સાથે છે. અમેરિકાએ વેક્સિન ઉત્પાદન માટે કાચો માલ આપવાની વાત કરી છે અને સાથે જ અન્ય કેટલીક



મદદોની જાહેરાત કરી છે. યુકેએ સારવાર માટે ઉપયોગી અનેક ઉપકરણો રવાના કરી દીધા છે. સાઉદી અરેબિયા, સિંગાપુર જેવા અનેક દેશો હાલ ભારતને ઓક્સિજન કન્ટેનર્સ પૂરા પાડી રહ્યા છે.

દેશની રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસના વધતા સંકટ વચ્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી હતી કે દિલ્હીમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને મફત વેક્સિન આપવામાં આવશે. દિલ્હીના મુખ્યમંત્રીએ માહિતી આપી છે કે રાજ્ય સરકારે ૧.૩૪ કરોડ વેક્સિનનો ઓર્ડર આપ્યો છે, ૧ મે થી દિલ્હીમાં વેક્સિનેશનની કામગીરી મોટા પાયે કરવામાં આવશે.

અરવિંદ કેજરીવાલે વેક્સિન નિર્માતાઓને અપીલ કરી છે કે કેન્દ્ર, રાજ્ય અને ખાનગી હોસ્પિટલોને એક સમાન કિંમતે વેક્સિન મળવી જોઈએ. વેક્સિન ઉત્પાદકો દાવો કરે છે કે ૧૫૦ રૂપિયાની વેક્સિનમાં પણ ફાયદો થઈ રહ્યો છે, તો શા માટે જુદા જુદા ભાવો રાખવામાં આવી રહ્યા છે.દિલ્હીના મુખ્યમંત્રીએ અપીલ કરી છે કે નફો કમાવવા માટે આખું જીવન પડ્યું છે, આવી સ્થિતિમાં રાજ્ય સરકારોને પણ ઓછી કિંમતે આ વેક્સિન મળવી જોઈએ. કેન્દ્ર સરકારે આ બાબતે દખલ કરવી જોઈએ. મહારાષ્ટ્ર:રવિવારે ૬૬,૧૯૧ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. ૬૧,૪૫૦ લોકો સાજા થયા અને ૮૩૨ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૪૨ લાખ ૯૫ હજાર લોકો સંક્રમણની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૩૫.૩૦ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૬૪ હજાર ૭૬૦ લોકોનાં મોત નીપજ્યાં છે. ૬ લાખ ૯૮ હજાર ૩૫૪ દર્દીઓની હાલ સારવાર કરવામાં આવી રહી છે. ઉત્તરપ્રદેશ:રવિવારે ૩૫,૩૧૧ લોકોને સંક્રમણ લાગ્યું હતું. ૨૫,૬૩૩ લોકો સાજા થયા અને ૨૦૬ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૧૦ લાખ ૮૬ હજાર લોકોને સંક્રમણ લાગ્યું છે, તેમાં ૭ લાખ ૭૭ હજાર લોકો સાજા થયા છે. જ્યારે ૧૧,૧૬૫ દર્દીનાં મોત થયાં હતાં, ૨ લાખ ૯૭ હજારની સારવાર ચાલી રહી છે.

દિલ્હી: દેશની રાજધાની દિલ્હીમાં રવિવારે ૨૨,૯૩૩ લોકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા. ૨૧,૦૭૧ લોકો સ્વસ્થ થયા અને ૩૫૦ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૧૦ લાખ ૨૭ હજાર લોકોને સંક્રમણ લાગ્યું છે. આમાં ૯ લાખ ૧૮ હજાર સાજા થયા છે, જ્યારે ૧૪,૨૪૮ દર્દી મૃત્યુ પામ્યા છે. ૯૪,૫૯૨ની સારવાર ચાલી રહી છે. છત્તીસગઢ:રવિવારે, ૧૨,૬૬૬ લોકોને સંક્રમણ લાગ્યું હતું. ૧૧,૫૯૫ લોકો સ્વસ્થ થયા અને ૧૯૦ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૬ લાખ ૫૨ હજાર લોકો સંક્રમણથી અસરગ્રસ્ત થયા છે, તેમાંથી ૫ લાખ ૨૧ હજારો લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૭,૩૧૦ દર્દી મૃત્યુ પામ્યા છે. ૧ લાખ ૨૩ હજારની સારવાર ચાલી રહી છે. ગુજરાત:રવિવારે રાજ્યમાં ૧૪,૨૯૬ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. ૬,૭૨૭ લોકો સ્વસ્થ થયા અને ૧૫૭ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૪ લાખ ૯૬ હજાર લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૩ લાખ ૭૪ હજાર લોકો સાજા થયા છે, જ્યારે ૬,૩૨૮ દર્દી મૃત્યુ પામ્યા છે. અહીં ૧,૧૫,૦૦૬ દર્દી સારવાર લઈ રહ્યા છે.

મધ્યપ્રદેશ: રવિવારે રાજ્યમાં ૧૩,૬૦૧ લોકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા. ૧૧,૩૨૪ લોકો સ્વસ્થ થયા અને ૯૨ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૪ લાખ ૯૯ હજાર ૩૦૪ લોકોને સંક્રમણ લાગ્યું છે, તેમાંથી ૪ લાખ ૦૨ હજાર ૬૨૩ લોકો સાજા થયા છે, જ્યારે ૫,૧૩૩ લોકોનાં મોત થયાં છે. અહીં ૯૧,૫૪૮ દર્દી સારવાર લઈ રહ્યા છે.

## હવે સમય આવી ગયો છે કે લોકો પોતાના ઘરમાં પણ માસ્ક પહેરે: સરકાર

ભારતમાં કોરોના વાયરસની સ્થિતિને લઈને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે સોમવારે પત્રકાર પરિષદ યોજી હતી. આ દરમિયાન સંયુક્ત સચિવે જણાવ્યુ કે, પાછલા વર્ષના મુકાબલે આ વખતે કોરોના સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. આ વાયરસ માત્ર મનુષ્યોમાં ફેલાઈ છે, જેને રોકવા માટે કોવિડ-૧૯ એપ્રોપ્રિયેટ બિહેવિયર લાગૂ રાખવું પડશે. સોમવારે દેશમાં ૩,૫૨,૯૯૧ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે એક્ટિવ કેસની સંખ્યા ૨૮ લાખને પાર પહોંચી ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેષ, કેરલ, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત અને તમિલનાડુ એવા રાજ્ય છે જ્યાં ૧ લાખથી વધુ એક્ટિવ કેસ છે. આ સાથે સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, અત્યાર સુધી ૧૪.૧૯ કરોડ વેક્સિનના ડોઝ આપવામાં આવી ચુક્યા છે. નીતિ આયોગના સભ્ય વીકે પોલે કહ્યુ કે, હવે સમય આવી ગયો છે કે તમારે ઘરમાં પણ માસ્ક પહેરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, જો કોઈ વ્યક્તિમાં કોરોનાના હળવા લક્ષણ જોવા મળે છે, પરંતુ રિપોર્ટમાં તેની પુષ્ટિ થતી નથી, તો તેણે કેટલોક સમય ક્વોરેન્ટાઈન રહેવાની જરૂર છે. જો ઘરમાં કોઈ સંક્રમિત છે તો માનીને ચાલો કે તમે પોઝિટિવ છો. તેથી જરૂરી છે કે ઘર પર પણ માસ્કનો ઉપયોગ કરવામાં આવે. એમ્સના ડાયરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યુ, જે પણ કોવિડ પોઝિટિવ આવે છે તેમાં તે પેનિક થઈ જાય છે કે ક્યાંક બાદમાં ઓક્સિજન અને હોસ્પિટલમાં દાખલ ખવાની જરૂર ન પડે તેથી હું અત્યારે દાખલ થઈ જાવ છું. હોસ્પિટલોની બહાર ભારે ભીડ થાય છે અને જરૂરી દર્દીઓને સારવાર મળતી નથી. તેમણે આગળ કહ્યું કે, આપણે કેસની સંખ્યા ઓછી કરવી પડશે અને હોસ્પિટલના સંસાધનોનો સારો ઉપયોગ કરવો પડશે. ઓક્સિજનનો વિવેકપૂર્ણ ઉપયોગ ખુબ મહત્વપૂર્ણ છે. હાલમાં એક બિનજરૂરી ડર છે. તો ગૃહ મંત્રાલયમાં અધિક સચિવે જણાવ્યું કે, ભારત ખરીદી અને ભાડા બન્ને આધાર પર વિદેશોથી ઓક્સિજન ટેંકર મંગાવી રહ્યું છે. ઓક્સિજન ટેંકરોનું પરિવહન એક મોટો પડકાર છે. રીયલ-ટાઈમ ટ્રેકિંગનો ઉપયોગ કરતા, અમે ઓક્સિજન ટેંકરોની અવર-જવર પર નજર રાખી રહ્યાં છીએ.

## રૂપાણીજી તમે સંવેદનશિલ CM છો, લોકડાઉન અંગે નિર્ણય લો -કેતન ઈનામદાર

વડોદરા,

વડોદરા જિલ્લાના સાવલીના ભાજપના ધારાસભ્ય કેતન ઈનામદારે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખીને ગ્રામ્ય વિસ્તારોની હોસ્પિટલોમાં ઓક્સિજન અને રેમડેસિવરનો જથ્થો પુરો પાડવાની માગ કરી છે અને વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારની હોસ્પિટલોને કેટેગરીમાં વહેંચીને ઓક્સિજન બંધ કર્યો છે, તે નિર્ણયને પરત ખેંચવાની માગ કરી છે. આ ઉપરાંત રેમડેસિવિર ઈન્જેક્શનની કાળાબજારી



થતી હોવાની પણ રજૂઆત પત્રમાં કરી છે.

સાવલીના સાવલીના ધાસાસભ્ય કેતન ઈનામદારે ઝસ રૂપાણીને લખલા પત્રમાં જણાવ્યું છે કે, હાલની કોરોના મહામારીમાં ભાજપની કેન્દ્ર અને ગુજરાત સરકાર ખુબ જ મહત્વપૂર્ણ કામગીરી કરી રહી છે. જેમાં વેક્સિનેશન હોય લોકોમાં જાગૃતતા હોય બધી જ રીતે લોકઉપયોગી કામગીરી થઈ રહી છે, પરંતુ હાલ વડોદરા મહાનગરપાલિકા દ્વારા જણાવવવામાં આવેલ છે કે, જે ઓક્સિજનનો જથ્થો શહેર અને ગ્રામ્યની હોસ્પિટલોને આપવામાં આવતો હતો. તે હોસ્પિટલોને કેટેગરીમાં વહેંચીને શહેરની અમુક હોસ્પિટલો અને ગ્રામ્ય વિસ્તારની હોસ્પિટલોને જથ્થો આપવાનો બંધ કરેલ છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, હોસ્પિટલોમાં બેડ પણ ઓછા કરવાની ચર્ચાઓ ચાલી રહી છે. તો સરકાર તથા સેવાભાવી સંસ્થાઓ દ્વારા સાવલી અને ડેસર ખાતે ઓક્સિજન બેડ તૈયાર કરેલા છે. તથા બીજી તૈયારીઓ ચાલી રહી છે તેનું શુ? અને પહેલાથી જ ઓક્સિજન ગ્રામ્ય વિસ્તારોમાં ઓછો આપવામાં આવતો હતો. જો જથ્થો બંધ થશે તો દર્દીઓનું શું? આ બાબતે મારો સખત વિરોધ નોંધાવુ છું. તેઓએ પત્રણ જણાવ્યું હતું કે, આપ ગુજરાત રાજ્યના સંવેદનશિલ મુખ્યમંત્રી છો, આ બાબતે ગંભીરતાપૂર્વક વિચારી નિર્ણય લો. વડોદરા શહેર-જિલ્લો મધ્યમાં આવેલ છે. જેના કારણે આસપાસના જિલ્લાના દર્દીઓને પણ અહીં લાવવામાં આવે છે, જેથી ભવિષ્યમાં આ નિર્ણયથી પરિસ્થિતિ ગંભીરથી અતિગંભીર થવા જઈ છે.

વધુમાં જણાવવાનું કે, ગ્રામ્ય સ્તરે આ મહામારીએ ધીમેધીમે પગપેસરો કરી દીધો છે. ગત વર્ષે કોરોનાના કારણે જે સામાજિક પ્રસંગો(લગ્નો), કર્યા ન હતા. તેના કારણે હાલમાં ખુબ સામાજિક પ્રસંગો છે, જેથી લોકોની અવરજવર પણ ખુબ રહે છે. જેના કારણે સંક્રમણનો ભય રહે છે. જેથી કરીને લોકડાઉન અથવા તેને અનુરૂપ કોઈ નિર્ણય લેવો ખુબ જ જરૂરી છે, જેથી આ મહામારીની ચેઈન તોડી શકાય.

વધુમાં તેઓએ જણાવ્યું હતુ કે, હાલ વડોદરા શહેર અને ગ્રામ્યમાં કોવિડ સેન્ટરો તથા હોસ્પિટલો કાર્યરત છે અને પરિસ્થિતિ જોતા ગ્રામ્ય લેવલે પણ વધારે કોવિડ હોસ્પિટલો શરૂ કરવામાં આવેલ છે. જેમાં કોરોનાથી બીમાર થયેલા વ્યક્તિઓને રેમડેસિવિર ઈન્જેક્શન મેળવવામાં ખુબ જ તકલીફ પડે છે. દર્દીના સગાઓને હોસ્પિટલ દ્વારા ઈન્જેક્શન માટે જણાવવામાં આવે છે. તો તેમને જાણકારી વગર ખુબ જ ધક્કા ખાવા પડે છે અને છેવટે પોતાના ઘરના સભ્યને બચાવવા બ્લેકમાં વધારે પૈસા આપીને ઈન્જેક્શનો ખરીદે છે.

છેલ્લે તેમણે પત્રમાં જણાવ્યું હતુ કે, એક પ્રજા પ્રતિનિધિ તરીકે મારી આપને વિનંતી તથા અરજ છે કે, વહેલી તકે હોસ્પિટલોને કેટેગરીમાં વહેંચીને ઓક્સિજન બંધ કરેલ છે, તે નિર્ણયને પરત લઈને ઓક્સિજન પુરો પાડવા તથા વડોદરા જિલ્લાને રેમડેસિવર ઈન્જેક્શનનો જથ્થો પુરો પાડવા મારી અરજ છે.

## તંત્રના દાવા વચ્ચે કચ્છમાં રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો તળિયાઝાટક

ભૂજ,

કચ્છને સરકાર તરફથી રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો ન મળતા વિતરણ વ્યવસ્થા ખોરવાઈ હતી. દર્દીઓના સગાઓ ઈન્જેક્શન લેવા ભુજ આવ્યા પણ જથ્થો ન હોવાથી વિતરણ થઈ શક્યું ન હતું. બીજી તરફ અવ્યવવસ્થા ટાળવા પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો.

ગઈકાલે પ્રભારી સચિવ જે.પી.ગુપ્તાની જાહેરાત વચ્ચે કચ્છમાં રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો તળિયાઝાટક થયો છે. ગઈકાલે પૂર્વ કચ્છનાં લોકોને અંજાર સીએચસીમાંથી ઈન્જેક્શન મળશે તેવી જાહેરાત પ્રભારી સચિવે કરી હતી જોકે,આજે સવારથી ભુજની જી કે.જનરલ હોસ્પિટલમાં ઈન્જેક્શનનો જથ્થો નથી ભુજમાં રેમડેસિવિરનો જથ્થો ન હોવાથી દર્દીઓ પરેશાન બની રહ્યા છે બીજી તરફ લોકોના રોષનું ભોગ ન બનવું પડે એ માટે અવ્યવસ્થા ટાળવા પોલીસ ખડકી દેવાઈ હતી.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં સતત કોરોના કેસ બિહામણું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા સબસલામતના દાવા કરવામાં આવી રહ્યા છે. પરંતુ રાજ્યમાં ઠેરઠેર હોસ્પિટલોમાં દવા અને ઈન્જેક્શનનો જથ્થો ખૂટી પડ્યો છે. લોકોને પૈસા ખર્ચતા પણ કળા બજારમાં ન પોતાના દવા ઈન્જેક્શનની વ્યવસ્થા કરી શકવાને અસમર્થ છે.

## વિશ્વમાં છેલ્લા સપ્તાહમાં ભારતમાં સૌથી વધુ ૫૨ ટકા લોકો સંક્રમિત થયા

ન્યુ દિલ્હી,

વિશ્વમાં કોરોના સંક્રમણે કોહરામ મચાવી દીધો છે. વિશ્વના સૌથી વધુ સંક્રમિત દેશોમાં ભારતમાં સૌથી વધુ હાહાકારફેલાયો છે. દુનિયાની છેલ્લા ૭ દિવસની વાત કરવામાં આવે તો સૌથી વધુ ૫૨ ટકા કેસ ભારતમાં વધ્યા છે. સૌથી વધુ દર્દી ધરાવતાદેશમાં ભારત જ સૌથી આગળ છે. ભારતમાં ૫ એપ્રિલ પછીથી કોરોના સંક્રમણનો આંક ૧ લાખથી નીચે ગયો નથી. છેલ્લા ૧ સપ્તાહમાં જ ૨૨.૪૮ લાખ લોકો સંક્રમિત થયા છે. જેની સામે અમેરિકામાં ૪.૧૮ લાખ બ્રાઝીલમાં ૪.૦૮ લાખ, તૂર્કીમાં ૩.૭૯ લાખ અને ફ્રાંસમાં ૨.૧૩ લાખ કેસ થયા છે. છેલ્લા સાપ્તાહિક સ્થિતિમાં ભારત સિવાય આ તમામ દેશોમાં સંક્રમણ ઘટ્યું છે. ભારતમાં ૫૨ ટકાનો સાપ્તાહિક વધારો નોંધાયો છે. ભારત હાલ કોરોના વાઈરસની ભયાનક લહેરનો સામનો કરી રહ્યું છે. દૈનિક રેકોર્ડ તોડ કેસો નોંધાઈ રહ્યા છે. ગત ૨૪ કલાકમાં પણ ભારતમાં રેકોર્ડ બ્રેક કોરોના કેસ નોંધાયા છે. સોમવારે ભારતમાં કુલ ૩.૫૪ લાખ કોરોનાના નવા કેસ નોંધાયા છે, જે અત્યાર સુધી વિશ્વમાં સૌથી મોટો આંકડો છે. દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા ૨૮ લાખને પાર થઈચૂકી છે. તેમાંથી ૩૦ ટકાથી વધુ કેસ ફક્ત ૧૨ શહેરોમાં છે. જેમાં બેંગલુરું સૌથી વધુ ૬ ટકા સક્રિય દર્દીઓ છે. બેંગલુરુમાં ૧૬૨૧૭૧ દર્દીઓ નોંધાયા છે. પૂણેમાં ૪ ટકા મુજબ ૧, ૦૮,૨૩૧ દર્દીઓ છે. તો ૯૩૦૮૦ સક્રીય દર્દીઓ સાથે દિલ્હી ત્રીજા નંબરનું શહેર છે. નાણે, નાગપુર, મુંબઈ, લખનઉ, અમદાવાદ, નાસિક, એર્નાકુલમ, ચેન્નઈ અને જયપુરમાં સૌથી વધુ સક્રિય દર્દીઓ છે.

ઉલ્લેખનીય છે કે સતત પાંચમા દિવસે ત્રણ લાખથી વધુ કેસ નોંધાયા છે. એટલે કે ૫ દિવસોમાં જ દેશમાં ૧૫ લાખથી વધુ નવા કેસ નોંધાયા છે. ગત ૪ દિવસોમાં ક્રમશ: ૩.૪૮ લાખ, ૩.૪૫ લાખ, ૩.૩૨ લાખ, ૩.૧૫ લાખ કોરોનાના કેસ નોંધાયા છે.

કોરોના સંકટકાળની શરૂઆતમાં ભારતે વિશ્વભરની મદદ કરી હતી. રેમડેસિવિરથી લઈ રસી ઉપલબ્ધ કરાવવા સુધી ભારત પાછળ ન હતો, જ્યારે હવે ભારત પર કોરોનાની નવી લહેરે કેર વર્સાવ્યો છે, તો વિશ્વના દેશો સાથે આવ્યા છે. અમેરિકાએ રસી ઉત્પાદન માટે કાચા માલ આપવાની વાત કરી છે, સાથે જ અન્ય મદદ માટેની પણ જાહેરાત કરી છે.

યૂકેએ પણ ભારત માટે સારવાર માટે કામ આવતા સાધનોને રવાના કરી દીધા છે, સાઉદી આરબ, સિંગાપોર જેવા અનેક દેશ હાલ ભારતને ઓક્સિજન કન્ટેનર્સ મોકલાવી રહ્યા છે. કારણ કે ભારતમાં ઓક્સિજન છે, પરંતુ ટ્રાન્સપોર્ટ માટે કન્ટેનર્સની અછત સર્જાઈ છે.

## UAEએ ભારતની હિંમત વધારી, ત્રિરંગાના રંગે રંગાયુ બુર્જ ખલીફા

આબુધાબી,

ભારતમાં કોરોના વાયરસ મહામારીથી પરિસ્થિતિ વિકરાળ બની છે તેની વચ્ચે દુનિયાભરના કેટલાંય દેશો મદદ માટે આગળ આવી રહ્યા છે. આ બધાની વચ્ચે છઈએ ભારતના પ્રત્યે એકજૂથતા દેખાડવા માટે દુનિયાની સૌથી ઊંચી બિલ્ડિંગમાંથી એક બુર્જ ખલીફાને તિરંગાના રંગે રંગી દેવાયું. એટલું જ નહીં યુએઈએ અબુધાબીની રાષ્ટ્રીય ઓઈલ કંપનીના ટાવરને પણ તિરંગામાં દેખાડયું. આ બંને બિલ્ડિંગ્સ પર હેશટેગની સાથે #StayStrongIndiaનો મેસેજ પણ દેખાયો.




UAEની આ બિલ્ડિંગ્સ પર છેલ્લાં કેટલાંક વર્ષથી ભારતના સ્વતંત્રતા દિવસ, ગણતંત્ર દિવસ અને ગાંધી જયંતીના અવસર પર તિરંગાના રંગમાં પ્રદર્શિત કરાય છે. પરંતુ એવું પહેલી વખત બન્યું કે આ દેશે ભારતના પ્રત્યે પોતાનું સમર્થન આ રીતે વ્યકત કર્યું હોય.

ભારત અને UAEના સંબંધ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઘણા મજબૂત થયા છે. પાકિસ્તાન જ્યારે જમ્મુ-કાશ્મીર પર ભારત દ્વારા લેવાયેલા નિર્ણયની વિરૂદ્ધ વૈશ્વિક સમુદાયને ભડકાવાની કોશિશમાં લાગી ગયું હતુ તે સમયે પણ યુએઈ ભારતની સાથે ઉભેલું દેખાયું. UAEએ ૫ ઑગસ્ટના રોજ જમ્મુ-કાશ્મીરમાંથી વિશેષ દરજ્જો હટાવાના નિર્ણયને ભારતનો આંતરિક મામલો ગણાવ્યો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એલ. એસ. ઝાલૈયા

મુ. વંદેલી, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પી. એસ. ડામોર

મુ. વેજમાં, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. ડી. નાયકા

મુ. માલવણ, તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ટી. કે. વણકર

મુ. ડેરોલ ગામ વડવાળુ ફ, તા. કાલોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર માં વેગ પકતું કોરોના રસીકરણ અભિયાન હેઠળ : ૨.૭૧ લાખ ઉપરાંતના નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન અપાઈ

લુણાવાડા, વૈશ્વિક મહામારી કોવીડ-૧૯ ના સંક્રમણ સામે આરોગ્ય રક્ષા કવચ આપતું કોરોના રસીકરણ અભિયાન મહીસાગર જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્રે જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લામ વિકાસ અધિકારી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ રસીકરણને વેગવાન બનાવવા સઘન કોરોના રસીકરણ અભિયાનની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૪૫ થી વધુ ઉંમરના



નાગરિકોને કોરોના રસી આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ રસીકરણ ઝુંબેશ હેઠળ મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૨,૭૧,૦૨૬ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવી કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.


ત્યારે ૨૫મી એપ્રિલ સુધીમાં બાલાસિનોર તાલુકામાં ૪૧૨૮૬,સંતરામપુર તાલુકામાં ૭૧૨૭૭, લુણાવાડા તાલુકામાં ૭૩૦૦૦, ખાનપુર તાલુકામાં ૨૪૩૮૯, કડાણા તાલુકામાં ૩૨૯૩૫ અને વિરપુર તાલુકામાં ૨૮૧૬૨ મળી જિલ્લાના કુલ ૨,૭૧,૦૨૬ જેટલા હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના શહેરી અને ગ્રામ્ય વિસ્તાઉરોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૦૨૭ આરોગ્ય કોરોના વોરિયર, ૯૧૪૩ ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર, ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના ૨,૧૧,૭૦૬ જેટલા નાગરિકોને કોરોના રસી મૂકવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૨,૨૬,૮૭૬ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૪૪,૧૫૦ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટર આર. બી. બારડે જણાવ્યું કે સાથે સાથે વેકસીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જ્યાં-ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં લગ્નની સિઝનમાં દેખરેખની કામગીરી રેવન્યુ તલાટી સોંપવામાં આવી

સંતરામપુર, મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. જ્યારે ગુજરાત સરકાર દ્વારા લગ્નની અંદર ૫૦ માણસની મંજુરી આપવામાં આવેલી છે આ કામગીરી માટે હાલમાં ગામડામાં પૂરજોશમાં લગ્નની મોસમ ચાલુ રહેલી છે. જ્યારે કેટલીક જગ્યાએ પરમીશન વિના લગ્ન થતા હોય છે. જ્યારે બીજી બાજુ ૫૦થી વધુ લગ્નમાં માણસો ભેગા થતા હોય છે. ગામડાઓમાં લગ્ન માં કેટલા માણસો ભેગા થાય છે. સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરે છે. સેનીટાઈઝરનો ઉપયોગ કરે છે, માસ્ક નો ઉપયોગ કરે છે, આ બધી બાબતો સરકારના નિયમોનું પાલન કરે છે. તે તમામ પ્રકારનું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

ધ્યાન રાખવા માટે મામલતદારના સુચના મુજબ સંતરામપુર તાલુકાની રેવન્યુ તલાટીઓને ફરિયાદ કામગીરી સોંપવામાં આવેલી છે. હવે દરેક જગ્યાએ લગ્ન થાય ત્યારે ત્યાં જેને દરેક તલાટી ફરજિયાત હાજર રહેવાનું છે. કામગીરી સોંપવામાં આવેલી છે. આવી કોરોનાની મહામારી વચ્ચે ગરમી ની અંદર ફોટો રેવન્યુ તલાટી હેતલબેન સ્થળ ઉપર જઈને પોતાની ફરજ નિભાવી હતી અને પ્રશંસાપાત્ર કામગીરી કરી હતી. હવે લગ્ન થશે તો દરેક જગ્યાએ રેવન્યુ તલાટી ફરજિયાત હાજરી આપશે અને ફોટોગ્રાફી કરશે.

# મહીસાગર જિલ્લાના તમામ જનસેવા કેન્દ્ર બંધ રહેશે

લુણાવાડા, સમગ્ર મહીસાગર જિલ્લામાં કોવિડ૧૯ની મહામારીને લીધે કોરોના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. જેની અટકાયત માટે વહિવટી તંત્ર દ્વારા જનહિતમાં વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. નોવેલ કોરોના વાયરસ કોવિડ૧૯ની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈ મહીસાગર જિલ્લામાં વધતાં જતાં કોરોના સંક્રમણને અટકાવવા માટે અને નાગરિકોને કોરોના સંક્રમણથી બચાવી શકાય એ હેતુથી ગુજરાત સરકારના ગૃહ વિભાગના આમુખમાં વંચાણે લીધેલ તા.૦૬/૦૪/૨૦૨૧ ના જાહેરનામાંથી અત્યંત આવશ્યક કામગીરી હોય તેના સિવાય મુલાકાતીઓને પ્રવેશ આપવા પર પ્રતિબંધ રાખવાની સુચના આપવામાં આવેલ છે. ઉક્ત બાબતે મહીસાગર જિલ્લામાં કોરોના ના વધી રહેલા સંક્રમણને નિયંત્રણ કરવા તકેદારીના ભાગરૂપે કોરોના વાઈરસનું સંક્રમણ અટકાવવા લોકોની ભીડ એકત્રિત ન થાય તેમજ સામાજીક અંતરનું પાલન થાય તે માટે મહીસાગર જિલ્લાની તમામ મામલતદાર કચેરીઓમાં આવેલ જનસેવા કેન્દ્રોની કામગીરી અગાઉ તા.૨૩/૦૪/૨૦૨૧ સુધી જાહેર હીતને ધ્યાને લઈ બંધ કરવામાં આવી હતી. પરંતુ હાલમાં પ્રવર્તી રહેલ કોવિડ-૧૯ ની પરીસ્થિતિને દયાનમાં રાખી આગામી સુચના ન મળે ત્યા સુધી મહીસાગર જિલ્લાની તમામ મામલતદાર કચેરીઓમાં આવેલ જન સેવા કેન્દ્રોની કામગીરી જાહેર હિતને ધ્યાને લઇ બંધ કરવામાં આવેલ છે. સેવા સંબધિત કામગીરી માટે આવશ્યક સંજોગોમાં સંબધિત મામલતદારશ્રીનો સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત પ્રાંત કચેરીઓ અને મામલતદાર કચેરીઓ ઉપરાંત મામલતદારશ્રીના તાબા હેઠળની કસ્બા/ચોરા/ચાવડીઓ ખાતે અતિ આવશ્યક સંજોગો સિવાય અરજદારની મુલાકાત પર પ્રતિબંધ મુકવામાં આવે છે.જેની નોંધ લેવા જિલ્લાના તમામ નાગરિકોને નિવાસી અધિક કલેકટરશ્રીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ખેડા જિલ્લામાં ફરી એક વાર લોકડાઉન લંબાવાયો

ખેડા, ખેડા જિલ્લામાં દિવસે ને દિવસે કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે અને મોતના આંકમાં પણ જિલ્લામાં દિવસેને દિવસે વધારો થઈ રહયો છે. જેને ધ્યાનમાં લઈને વહીવટી તંત્ર દ્વારા ચિંતા કરતા ખેડા શહેરને પણ સ્વૈચ્છિક લોકડાઉનના અમલમાં લેવામાં આવ્યું હતું પ્રાંત અધિકારી ઉમંગ પટેલ દ્વારા ખેડા શહેરના વહેપારીઓ અને પાલિકાના પ્રમુખ અને કાઉન્સિલરો સાથે ખેડા નગર સેવા સદન ખાતે બેઠક બોલવામાં આવી હતી અને જેમાં વહીવટી તંત્ર દ્વારા ખેડા નાગરિકો અને વહેપારીઓને સ્વૈચ્છિક ખેડા શહેરને લોકડાઉન કરવામાં આવે એવી અપીલ કરવામાં આવી હતી

બેઠક માં વહેપારી એસોસિએશનના પ્રમુખ અને પાલિકાના વહીવટી તંત્ર દ્વારા આગામી ૭ દિવસ માટે બપોર ના ૩ વાગ્યા પછી સ્વૈચ્છિક બંધ પાડવા માટે નો નિર્ણય લેવામાં આવ્યો હતો ૧૭ થી ૨૫ સુધી સ્વૈચ્છિક બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જે પછી પરિસ્થિતિ ને ધ્યાનમાં રાખીને સમય વધારવા માટે ૨૫મીએ નગર સેવા સદન ખાતે ફરીવાર વહીવટી તંત્ર અને વહેપારી ઓ વચ્ચે એક બેઠક યોજાયી હતી. વહીવટી તંત્ર અને વહેપારી ઓ દ્વારા ૧૦ દિવસ માટે નું સ્વૈચ્છિક લોકડાઉન વધારવામાં આવ્યું હતું.

એક કલાકનો સમય વધારવામાં આવ્યો હતો એટલે હવે ૪ વાગ્યા પછી ખેડામાં હવે સ્વૈચ્છિક લોકડાઉન રાખવામાં આવશે જે તારીખ ૫મી સુધીનો આ નિર્ણય લેવામાં આવ્યો છે બેઠકમાં પ્રાંત અધિકારી ઉમંગ પટેલ મામલતદાર પાલિકા પ્રમુખ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી. એમ. માલી તાલુકા હેલ્થ ઓફીસર તેમજ ખેડા વહેપારીઓ હાજર રહ્યા હતા.

# ગુજરાત સહિત દેશના આઠ રાજ્યોમાં સ્થિતિ ખરાબ, ૧ લાખથી વધુ એક્ટિવ કેસ

ન્યુ દિલ્હી, દેશમાં દરરોજ કોરોના કેસમાં સતત વધારો થી રહ્યો છે. દેશમાં એક દિવસમાં સાડા ત્રણ લાખ કરતા વધુ કેસ સામે આવ્યા છે. વિશ્વમાં અત્યાર સુધી એક દિવસમાં આટલા કેસ ક્યાંય સામે આવ્યા નથી. સરકાર કોરોના સંકટનો સામનો કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે. સોમવારે દેશમાં ૩,૫૨,૯૯૧ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે એક્ટિવ કેસની સંખ્યા ૨૮ લાખને પાર પહોંચી ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેષ, કેરલ, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત અને તમિલનાડુ એવા રાજ્ય છે જ્યાં ૧ લાખથી વધુ એક્ટિવ કેસ છે. આ સાથે સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, અત્યાર સુધી ૧૪.૧૯ કરોડ વેક્સિનના ડોઝ આપવામાં આવી ચુક્યા છે.

સંયુક્ત સચિવ (સ્વાસ્થ્ય મંત્રાલય) લવ અગ્રવાલે જણાવ્યુ, આ સમયે દેશમાં ૮૨ ટકા કોરોના દર્દીઓ સાજા થઈ ગયા છે. આશરે ૧૬.૨૫% કેસ એટલે કે ૨૮,૧૩,૬૫૮ કેસ એક્ટિવ છે. તેમણે આગળ કહ્યું કે, કેટલાક રાજ્યમાં સક્રિય કેસની સંખ્યા વધુ છે. જેમાં મહારાષ્ટ્ર, યૂપી, કર્ણાટક, કેરલ, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત અને તમિલનાડુ સામેલ છે. દેશભરમાં અત્યાર સુધી વેક્સિનના ૧૪,૧૯,૦૦,૦૦૦ ડોઝ આપવામાં આવ્યા છે.

તો ગૃહ મંત્રાલયમાં અધિક સચિવે જણાવ્યું કે, ભારત ખરીદી અને ભાડા બન્ને આધાર પર વિદેશોથી ઓક્સિજન ટેક્રર મંગાવી રહ્યું છે. ઓક્સિજન ટેક્રરોનું પરિવહન એક મોટો પડકાર છે. રીયલ-ટાઈમ ટ્રેકિંગનો ઉપયોગ કરતા, અમે ઓક્સિજન ટેક્રરોની અવર-જવર પર નજર રાખી રહ્યાં છીએ.

એમ્સના ડાયરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યુ, જે પણ કોવિડ પોઝિટિવ આવે છે તેમાં તે પેનિક થઈ જાય છે કે ક્યાંક બાદમાં ઓક્સિજન અને હોસ્પિટલમાં દાખલ ખવાની જરૂર ન પડે તેથી હું અત્યારે દાખલ થઈ જાવ છું. હોસ્પિટલોની બહાર ભારે ભીડ થાય છે અને જરૂરી દર્દીઓને સારવાર મળતી નથી. તેમણે આગળ કહ્યું કે, આપણે કેસની સંખ્યા ઓછી કરવી પડશે અને હોસ્પિટલના સંસાધનોનો સારો ઉપયોગ કરવો પડશે. ઓક્સિજનનો વિવેકપૂર્ણ ઉપયોગ ખુબ મહત્વપૂર્ણ છે. હાલમાં એક બિનજરૂરી ડર છે.

# આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ડુંગળીની નિકાસ સામે ખતરો

મુંબઈ, છેલ્લા કેટલાક વર્ષોથી ડુંગળીની નિકાસ સંદર્ભમાં ભારતની અનિશ્ચિત નીતિને પરિણામે હરિફ દેશો ભારતની પરંપરાગત ડુંગળી નિકાસ બજારમાં પગપેસારો કરતા જોવા મળી રહ્યા છે. ઈરાક તથા તુર્કી ભારતના નિકાસ મથકોમાં પોતાનું સ્થાન ઊભું કરી રહ્યા છે.

ભારતે ડુંગળીની નિકાસના ધોરણોમાં અવારનવાર ફેરબદલ કર્યા હોવાનું છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક વખત એવું જોવા મળ્યું છે. ભારત જ્યારે જ્યારે પણ ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂકે છે ત્યારે તુર્કી તથા ઈરાક ઊભી થતી તકને ઝડપી લે છે. ભારતની નીતિમાં અવારનવાર ફેરબદલથી પરંપરાગત બજારો જાળવી રાખવાનું મુશકેલ બની ગયું છે અને આ બજારોમાં આપણી પકકડ ઘટતી જાય છે એમ તેમણે ઉમેર્યું હતું.

ભારતના ડુંગળીના નિકાસકારો માટે બજાર હિસ્સો પરત મેળવવાનું કઠીન બની જાય છે. ઘરઆંગણે જ્યારે જ્યારે ભાવમાં ઉછાળો આવે છે ત્યારે તેને અંકૂશમાં લેવા સરકાર નિકાસ પર પ્રતિબંધ મૂકી દે છે અને ઘરેલું બજારમાં પૂરવઠો વધી જતા ડુંગળીના ભાવ ગબડી જાય છે ત્યારે સરકાર ખેડૂતોને ટેકો આપવા નિકાસ માટે છૂટ આપે છે.

અમેરિકા, યુકે, જર્મની, ફ્રાન્સ, યુએઈ ભારતની કાંદાની મુખ્ય નિકાસ બજારો છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં સ્થાનિક બજારમાં ભાવ ઊંચકાતા સરકારે કાંદાની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો હતો અને ૧લી જાન્યુઆરીએ પાછો ઉઠાવી લીધો હતો. નિકાસ પ્રતિબંધ ઉપરાંત કાંદાના સ્ટોક હોલ્ડિંગ્સ પર પણ મર્યાદા મૂકી દેવામાં આવે છે.

માત્ર ડુંગળી જ નહીં અનેક કૃષિ કોમોડિટીઝ ખાસ કરીને કઠોળના કિસ્સામાં પણ ઘણી વખત આવી સ્થિતિ જોવા મળતી હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું. નિકાસ બજારમાં પોતાનું સ્થાન જાળવી રાખવું હશે તો ભારતે એક સમાન નીતિ પકડી રાખવાની રહેશે.

# દર્દીઓ, થેલેસેમીયા પીડિત બાળકોનાં જીવન બચાવવાની અમૂલ્ય તક

પ્રવર્તમાન કોરોના બીમારી તથા હાલ ઉનાળાની ગરમીનાં સમયમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની જરૂરીયાત છે. સિવિલ હોસ્પીટલ બ્લડ બેન્ક, નવી ઓપીડી બિલ્ડીંગ, રાજકોટ ખાતે સવારે ૯૦૦ થી સાંજના ૮૦૦ વાગ્યા સુધી રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો સીવીલ હોસ્પીટલ બ્લડ બેન્ક આપના સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથનાં લોકો, રસી મુકાવ્યા પૂર્વે અચુક રકતદન કરે. વિશેષ માહિતી માટે અને કેમ્પનાં આયોજન માટે મોઃ ૯૮૯૮૬ ૧૩૨૬૭ પર સંપર્ક કરવા વિનંતી છે.

# મોદીની ના છતાં યુદિયુરપ્પાએ કર્ણાટકમાં લગાવ્યું ૧૪ દિવસનું લોકડાઉન

બેંગલૂરૂ, ભારતમાં કોરોના વાયરસની બીજી લહેરે સુનામીનું રૂપ ધારણ કર્યું છે. દેશમાં રોજ રેકોર્ડ તોડ નવા કેસો સામે આવી રહ્યા છે. સોમવારે પણ દેશમાં સાડા ત્રણ લાખથી વધારે કેસો સામે આવ્યા. પાછલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩,૫૨,૯૯૧ કેસો સામે આવ્યા જ્યારે ૨૮૧૨ દર્દીના મોત થયા. સતત પાંચમા દિવસે સાડા ત્રણ લાખથી વધારે કેસો સામે આવ્યા છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા પણ વધીને ૨૮,૧૩,૬૫૮ થઈ છે. દેશમાં કોરોનાથી થનારી મોતોનો



આંકડો ૨ લાખની નજીક પહોંચી ગયો છે.

આ બધાની વચ્ચે કોરોનાની ગંભીર સ્થિતિને જોતા કર્ણાટક સરકારે રાજ્યમાં ૧૪ દિવસો સુધી કર્ફ્યૂ લાગૂ કરવાનો નિર્ણય લીધો છે. આ કર્ફ્યૂ એટલે કે લોકડાઉન મંગળવારથી પ્રભાવી થશે. પાછલા ૨૪ કલાકમાં રાજ્યમાં વધુ કેસો નોંધાતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં એક દિવસમાં ૩૪૦૦૦થી વધારે કેસો નોંધાયા. જેનાથી રાજ્ય સરકારની ચિંતા વધી છે.

આ લોકડાઉન દરમિયાન રાજ્યમાં માત્ર જરૂરી સેવાઓને જ છૂટ આપવામાં આવશે. પણ જરૂરી સામાન સાથે જોડાયેલી દુકાનો ૪ કલાક જ ખુલ્લી રહેશે. મેન્યુફેક્ટરિંગ સેક્ટર ખુલ્લુ રહેશે, પણ ગારમેન્ટ અને કંસ્ટ્રક્શનને બંધ રાખવામાં આવશે.

કર્ણાટકના મુખ્યમંત્રીનું કહેવું છે કે, રાજ્યમાં ૧લી મેથી ૧૮ વર્ષથી વધુ લોકોને સરકારી હોસ્પિટલોમાં ફ્રી વેક્સીન આપવામાં આવશે. ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને પહેલાથી જ વેક્સીન ફ્રીમાં આપવામાં આવી રહી છે.

કોરોનાની સ્થિતિને જોતા મુખ્યમંત્રીએ કહ્યું કે, સ્થાનિક અધિકારીઓ પાસે પ્રતિબંધો લાગૂ કરવાની તાકાત રહેશે, જ્યારે જ્યાં કર્ફ્યૂ લાગૂ છે તે પહેલાની જેમ ચાલતુ રેહશે. મુખ્યમંત્રી બીએસ યુદિયુરપ્પાએ જાહેરાત કરી કે, રાજ્યમાં દિલ્હી અને મહારાષ્ટ્ર કરતા પણ ઝડપથી કોરોના ફેલાઈ રહ્યો છે. એવામાં ૧૪ દિવસો માટે કર્ફ્યૂ લગવવામાં આવી રહ્યું છે. કર્ણાટકમાં આ પ્રતિબંધો આવતીકાલ રાતથી લાગૂ થઈ જશે.

રાજ્યની સ્થિતિ ખરાબ છે. જ્યાં રોજ સરેરાશ ૧૦ હજારથી વધારે કેસ નોંધાઇ રહ્યા છે. હાલમાં કર્ણાટકમાં ૨.૬૨ લાખ એક્ટિવ કેસો છે. કર્ણાટક દેશનું ત્રીજુ સૌથી પ્રભાવિત રાજ્ય છે. જ્યાં અત્યાર સુધીમાં ૧૪ હજારથી વધારે લોકોના મોત થયા છે.


જણાવી દઈએ કે, કર્ણાટક પહેલા દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન જેવા રાજ્યો પણ ૧૫ દિવસો માટે પ્રતિબંધો લાગૂ કરી ચૂક્યા છે. તો ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં અમુક શહેરોમાં કર્ફ્યૂ કે વિકેન્ડ લોકડાઉન છે.

# અમારા સંકટમાં ભારતે મદદ કરી હતી, હવે અમારો વારોઃ જો બાઈડન

વોશિંગ્ટન, કોરોના વાયરસની ખૂબ જ ખતરનાક સાબિત થતી બીજી લહેરથી ઝઝૂમી રહેલા ભારત સાથે પોતીકાપણું દેખાડતા અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને ભારતની મદદ કરવાને લઈ પ્રતિબદ્ધતા દેખાડી છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ ટ્વીટ કરી લખ્યું કે, મહામારીના શરૂઆતના તબક્કામાં જ્યારે અમારી હોસ્પિટલો દબાણમાં હતી, ભારતે તે સમયે જે રીતે મદદ મોકલી હતી, તેવી જ રીતે જરૂરતના સમયે ભારતની મદદ કરવા માટે અમે કટિબદ્ધ છીએ.

જો બાઈડનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને આ પહેલા એક ટ્વીટર સંદેશમાં જણાવ્યું હતું કે તેમણે ભારતમાં કોરોનાના વધતા કેસોને લઈ ભારતીય રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (દ્મજીછ) અજિત ડોભાલની સાથે વાત કરી છે, બંને દ્મજીછ આવનારા દિવસોમાં એકબીજાના સંપર્કમાં રહેવા પર સંમત થયા છે. તેમણે લખ્યું, અમેરિકા આ સમયે ભારતની સાથે ઊભું છે અને અમે વધુ સંસાધનો તથા જરૂરિયાતો આપવા જઈ રહ્યા છે...

જેક સુલિવને કહ્યું કે, અમેરિકા ભારતને વેક્સીન બનાવવા માટે જરૂરી કાચો માલ સપ્લાઈ કરશે જેની જરૂરત



પડશે. ફ્રંટ લાઈન વર્કર્સને બચાવવા માટે અમેરિકા તરફથી રેપિડ ડાઈગોનેસ્ટિક ટેસ્ટ કિટ, વેન્ટિલેટર, પીપીઈ કિટ પૂરા પાડવામાં આવશે.

અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ કમલા હેરિસનું પણ નિવેદન આવી ગયું છે. તેમણે ટ્વીટ કરી કહ્યું કે, અમેરિકન સરકાર કોરોનાના પ્રકોપના સમયે ભારતને વધુ પ્રમાણમાં સપોર્ટ અને સપ્લાઈ પૂરી પાડવા માટે કામ કરી રહી છે. અમે ભારતના લોકો માટે પ્રાર્થના કરીએ છીએ, ખાસ કરીને એ બહાદુર હેલ્થ વર્કર્સ માટે.

આ બધાની વચ્ચે વોશિંગ્ટનથી સમાચાર એજન્સીની ભાષા અનુસાર, અત્યાર સુધીના સૌથી ખરાબ સ્વાસ્થ્ય સંકટનો સામનો કરી રહેલા ભારતને વધારે વેક્સીન ન મોકલવાને લઈ જો બાઈડન પ્રશાસનને ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતીય અમેરિકન સાંસદ રાજા કૃષ્ણમૂર્તિએ બાઈડન એડમિનિસ્ટ્રેશનને એ દેશો માટે એસ્ટ્રાજેનેકા વેક્સીન પૂરી પાડવાનો આગ્રહ કર્યો, જે હાલમાં કોરોનાના વધતા કેસોનો સામનો કરી રહ્યા છે.

આ ઉપરાંત અમેરિકાના એક ટોચના સ્વાસ્થ્ય વિશેષજ્ઞ આશીષ કે ઝાએ વોશિંગ્ટન પોસ્ટમાં લખ્યું કે ભારતમાં કોરોના વાયરસની બીજી લહેર તેમની સ્વાસ્થ્ય વ્યવસ્થાને ધ્વસ્ત કરી નાખશે. અમેરિકા મદદ કરી શકે છે. વિશ્વના પ્રાચીનતમ લોકતંત્ર અમેરિકાનો વારો છે કે તે આ પ્રમુખ વૈશ્વિક સહયોગીની મદદ માટે આગળ આવે.

(પાન નં.૪ નું ચાલુ)

## કોરોનાનો પ્રકોપ સાથે......

છે. જેથી હવામાન વિભાગે અમદાવાદને યલો અલર્ટ જાહેર કર્યું છે. ગરમીની સાથે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદની પણ સંભાવના છે.

રાજ્યમાં ગરમી તેમજ વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરતાં જણાવ્યું હતું કે આગામી બે દિવસમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત તેમજ અમદાવાદ સહિતનાં કેટલાંક શહેરોમાં ગરમીનું પ્રમાણ ૩થી ૪ ડીગ્રી સુધી વધી શકે છે, એટલે કે તાપમાન ૪૧ ડીગ્રીથી વધી ૪૩થી ૪૪ ડીગ્રી સુધી પહોંચી શકે છે. બીજી તરફ રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, જૂનાગઢ, અમરેલી, વલસાડ સહિતના મોટા ભાગના વિસ્તારોમાં ભારે પવન સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદમાં તાપમાન ૪૪ ડીગ્રી સુધી પહોંચી શકે છે, જે સતત ૬થી ૭ વર્ષથી બની રહ્યું છે, જ્યારે એપ્રિલ મહિનામાં અમદાવાદી આટલી ગરમી સહન કરે છે. આવી કાળઝાળ ગરમીને કારણે હોસ્પિટલોની બહાર દર્દીઓ તેમજ સ્વજનો કોરોનાની સારવાર માટે લાઈન લગાવીને બેસી રહેવા મજબૂર બન્યા છે.

આજે સૌથી વધુ ગરમી ભુજમાં નોંધાઈ છે. ભુજમાં આજે તાપમાન ૪૨.૪ ડીગ્રીએ પહોંચ્યું છે. ત્યાર બાદ બીજા નંબર પર ગાંધીનગર આવે છે, જ્યાં તાપમાન ૪૨ ડીગ્રી નોંધાયું છે. ડીસામાં ૪૧.૮ ડીગ્રી, વડોદરામાં ૪૧.૬ ડીગ્રી, રાજકોટમાં ૪૧ ડીગ્રી, અમદાવાદમાં ૪૧ ડીગ્રી, સુરતમાં ૪૦.૮ ડીગ્રી, ભાવનગરમાં ૪૦.૬ ડીગ્રી તાપમાન નોંધાયું છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૩-૦૪-૨૦૨૧, શુક્રવાર, ચૈત્ર સુદ-૧૧, સૂર્યોદય-૬-૧૩, સૂર્યાસ્ત-૭-૦૦, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કર્ક(ડ.હ.) , નક્ષત્રઃ આશ્લેષા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દૈનિક રાશીફળ

તા.૨૭.૦૪.૨૦૨૧ મંગળવાર

મેષ(અ.લ.ઈ.) :- નવી યોજનાઓમાં અનુકુળતાઓ વધવાની છે સંસ્થામાં સારો હોદ્દો મળે. આત્મવિશ્વાસ વધારવો.
વૃષભ(બ.વ.ઉ.) :- મિત્રો સાથે મતભેદો ટાળજો. સાહસિકો એ થોડી ધીરજ રાખવી વિદેશ જવાની તક માટે સારો સમય.
મિથુન(ક.છ.ઘ.) :- શેર સટ્ટામાં લાભ નિર્ણયો બાબત સતર્કતા જરૂરી નોકરીમાં અનુકુળતા સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય.
કર્ક(ડ.હ.) :- માતુશ્રીનો સહકાર રહે. વિદેશ જવાની ઈચ્છા ફળવાની જમીન-મકાનના કાર્યોમાં અનુકુળતા કર્જ કરવાથી જાળવવું.
સિંહ(મ.ટ.) :- પરિવારના ઉત્સાહ વધવાનો, નોકરીમાં નવી ઓફર બાબત ઉતાવળ ન કરવી અપરણીતોને સફળતા રહે.
કન્યા(પ.ઠ.ણ.) :- નાણાકીય પ્રશ્નો ઉભા થાય. પરિવારના સભ્યોનો સાથે સહકાર મેળવવો. નકારાત્મક વિચારોથી દૂર રહેજો.
તુલા(ર.ત.) :- દિવસ દરમ્યાન ભાગીદારી યોજના બાબત સફળતા સગાઈ લગ્નના કાર્યોમાં મનગમતું પાત્ર મલે મિત્રોથી લાભ.
વૃશ્ચિક(ન.ય.) :- દિવસ ઉત્સાહ વાળો રહે. છતાં નિર્ણયો બાબત સજાગ રહેજો મોસાળથી લાભ નોકરીમાં બદલીના લાભ.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- શેર સટ્ટામાં ધ્યાન પડે. વિજાતીય મિત્રતા ગાઢ બને. નકામા વિચારો ટાળજો અંધશ્રધ્ધાથી દૂર રહેજો.
મકર(ખ.જ.) :- દિવસ દરમ્યાન કાલ્પનીક ભય રહે. રહેણાંક ના મકાનના પ્રશ્નોમાં ધ્યાન દેવું ઉતાવળા નિર્ણયો ન લેવા.
કુંભ(ગ.શ.સ.) :- અચાનક યાત્રા પ્રવાસનો યોગ ઉભો થાય ભાઈ-બહેનો સાથે સુમેળ વધે. રાજકીય રીતે ન ધારેલો લાભ રહે.
મીન(દ.ચ.ઝ.) :- પરિવારના પ્રશ્નો માં ધ્યાન દેવુ પડે. આર્થિક બાબતોને લઈને ટેન્સન રહે. સંતાનો સાથે સુમેળ રાખવો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદમાં સ્વૈચ્છિક લોકડાઉનનો ફિયાસ્કો : માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ વગર બજારોમાં ભીડ જામી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોનાએ કહેર વર્તાવ્યો છે. ત્યારે હવે તેને કાબુમાં કરવા તંત્ર નુસ્ખા કરી રહ્યુ છે. કલેક્ટરે જિલ્લામાં ત્રણ દિવસના સ્વૈચ્છિક લોકડાઉનની જાહેરાત કરી હતી, પરંતુ જિલ્લા મથક દાહોદમાં પ્રથમ દિવસે જ તેનો સંપૂર્ણ ફિયાસ્કો થયો હતો. કારણ કે બજારોમાં ઉમટેલી ભીડ જાણે વેકેશન માંણવા નીકળી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે.

દાહોદ જિલ્લામાં હવે રોજે રોજ કોરાનાના દર્દી ૧૦૦ની ઉપર જ નોંધાઈ રહ્યા છે. તેમજ મૃત્યુ આંક પણ ઉંચો જઈ રહ્યો છે. જેથી જિલ્લા મથક દાહોદમાં પાલિકા દ્વારા લાખ મનામણાં કર્યા પછી ત્રણ દિવસનું લોકડાઉન કરવામાં આવ્યુ હતુ. જિલ્લાના અન્ય તાલુકાઓ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ વેપારીઓ તંત્રને સહયોગ કરી રહ્યા છે અને સ્વૈચ્છિક લોકડાઉનનું પાલન કરી સામુહિક નિર્ણયને સફળ બનાવી રહ્યા છે.

બીજી તરફ દાહોદ જિલ્લામાં રોકેટ ગતિએ વધતાં કોરોના આંકને લીધે કલેક્ટર વિજય ખરાડીએ રવિવારે સાંજે જ જિલ્લામાં સોમ, મંગળ અને બુધવાર એમ ત્રણ દિવસના સ્વૈચ્છિક લોકડાઉનની જાહેરાત કરી હતી. જેમાં કરિયાણાની દુકાનોને સવારે ૮થી ૨ વાગ્યા સુધીની છુટ આપવામાં આવી છે. જેથી જિલ્લા મથક દાહોદમા તો સોમવાર સવારથી જ ઘણી દુકાનો ખુલી ગઈ છે અને શાકભાજી તેમજ અન્ય ફેરિયાઓ પણ વેપાર ધંધા માટે નીકળી પડ્યા હતા. વાહનોની ભીડ જાણે એવી રીતે જામી ગઈ કે જાણે વેકેશન પુરું થયુ હોય.

બજારો ધમધમતા હતા પરંતુ તેમાં કેટલાયે જાંબાઝો માસ્ક વિના બિન્દાસ્ત ફરતા હતા. સોશિયલ ડિસ્ટન્સ તો જાણે એક શબ્દ બનીને રહી ગયો હોય તેમ જણાતુ હતુ. આશ્ચર્ય એ વાતનુ હતુ કે, કોઈ પણ ઠેકાણે પોલીસ બંદોબસ્ત ન હતો કે કોઈ માસ્ક વિના ફરતા લોકોને કોઈ રોકે આથવા ટોકે. આમ તો છેલ્લા કેટલાયે દિવસોથી આ મામલે તો દાહોદ રામ ભરોસે જ છે. ત્યારે કલેક્ટરના ફરમાન છતાં કોઈ પણ પ્રકારનો બંદોબસ્ત ન ગોઠવાય તે સંકલનનો આભાવ પણ કહી શકાય તેમ છે.

## દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને રોકવા આગામી ત્રણ દિવસ સંપૂર્ણ સ્વૈચ્છિક લોકડાઉન




દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણના વધતા કેસોને ધ્યાને લઈ કલેક્ટર વિજય ખરાડીએ આગામી ત્રણ દિવસ એટલે કે તા. ૨૬ થી તા. ૨૮ એપ્રીલ સુધી સ્વૈચ્છિક લોકડાઉનની જાહેરાત કરી છે. લોકડાઉન દરમિયાન સવારે ૮ થી બપોરના ૨ દરમિયાન જીવન જરૂરીયાતની વસ્તુઓની ખરીદી કરી શકાશે અને તેની જ દુકાનો ખોલી શકાશે. જિલ્લાના નાગરિકોને લોકડાઉન સફળ બનાવવા માટે તંત્રને સહયોગ આપવા કલેક્ટરએ અપીલ કરી છે.

કલેક્ટર ખરાડીએ જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં છેલ્લા અઠવાડિયાથી કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે તે ખૂબ જ ચિંતાજનક છે અને છેલ્લા ચારેક દિવસથી કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા જિલ્લામાં ત્રણ આંકડામાં આવી રહી છે. ત્રણ દિવસથી આપણે સંપૂર્ણ બંધનું પાલન કર્યું છે. કોરોના કેસોના સંક્રમણની ચેઈન તુટે– સંક્રમણની રફતાર ઘટે એ માટે આગામી તા. ૨૬, ૨૭ અને ૨૮ એટલે કે સોમવાર, મંગળવાર અને બુધવાર જિલ્લામાં સંપૂર્ણ બંધ રહેશે. નાગરિકો આ વાતની નોંધ લે. જિલ્લા વહીવટી તંત્ર તરફથી પણ સૌ નગરપાલિકા અને આખા જિલ્લામાં તા. ૨૬, ૨૭ અને ૨૮ એટલે કે સોમવાર, મગંળવાર અને બુધવારે સંપૂર્ણ બંધ રાખવા માટે સૂચના આપવામાં આવી છે.

જીવન જરૂરીયાતની વસ્તુઓ જે રીતે મળે છે તે મળતી રહેશે. ખાસ કરીને કરીયાણાની વસ્તુઓ લોકોને સરળતાથી મળી રહે એ માટે સવારે ૮ થી ૨ વાગ્યા દરમિયાન કરિયાણાની દુકાન ચાલુ રાખી શકાશે. બાકીની જે પણ વ્યવસ્થા છે તેમાં સહયોગ આપવા માટે પોલીસ તંત્ર, ગ્રામ પંચાયત અને જેટલી પણ ઓથોરિટી છે તેમને જનતા સહયોગ આપે તેવી મારી અપીલ છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૧૫ કોરોના પોઝીટીવ કેસ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

જીલ્લામાં કોરોનામાં ૭ વ્યકિતઓએ જીવ ગુમાવ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૧૫ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૧૧૫ પૈકી દાહોદ અર્બન વિસ્તારમાંથી ૨૫ કેસો સૌથી વધુ સમાવેશ થયો છે. દાહોદ ગ્રામ્ય વિસ્તાર સાથે સાથે હવે કોરોનાથે ફરીવાર શહેરી વિસ્તારોમાં માથુ ઉચક્યું છે. દાહોદ શહેરી વિસ્તારમાં છેલ્લા એક – બે દિવસથી કોરોનાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. જે ચિંતાનો વિષય સમાન છે. આજે કોરોનાથી વધુ ૦૭ લોકોએ જીવ ગુમાવ્યાં છે પરંતુ દાહોદના સ્મશાન ગૃહમાં રોજેરોજ આના કરતાં પણ વધારો મૃતદેહોની કોરોના ગાઈડ લાઈન પ્રમાણે અંતિમ સંસ્કાર કરવામાં આવી રહ્યાં છે.

આર.ટી.પી.સી.આર.ના ૧૨૨૨ પૈકી ૬૬ અને રેપીટ ટેસ્ટના ૧૭૮૨ પૈકી ૪૯ મળી આજે કુલ ૧૧૫ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૧૧૫ પૈકી દાહોદ અર્બનમાંથી ૨૫, દાહોદ ગ્રામ્યમાંથી ૧૩, ઝાલોદ અર્બનમાંથી ૦૭, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧૪, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૩, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૧૫, લીમખેડામાંથી ૦૮, સીંગવડમાંથી ૦૨, ગરબાડામાંથી ૧૪, ધાનપુરમાંથી ૦૨, ફતેપુરામાંથી ૦૭ અને સંજેલીમાંથી ૦૫ કેસ નોંધાયાં છે. આજે વધુ ૦૭ કોરોના દર્દીઓએ પોતાનો જીવ ગુમાવતાં કુલ મૃત્યુઆંક ૨૦૯ને પાર કરી ગયો છે. વધતાં કેસોની સામે એક્ટીવ કેસોની સંખ્યામાં પણ વધારો થતો જોવા મળી રહ્યો છે. દાહોદની સરકારી હોસ્પિટલોથી લઈ ખાનગી હોસ્પિટલોમાં કોરોના દર્દીઓનો રાફડો ફાટી રહ્યો છે. દાહોદ જિલ્લામાં એક્ટીવ કેસોની સંખ્યા વધીને ૭૬૯ ને પાર કરી ચુકી છે. દાહોદ જિલ્લામાં કોરોનાના કુલ કેસો વધીને કુલ ૪૬૮૦ને પાર કરી ચુંકી છે.

## દાહોદમાં કોરોનાકાળમાં મૃત્યુ પામતાં લોકોને અંતિમ સંસ્કાર અને અન્ય સંસ્થાઓ, બજરંગદળ અને VHPની સવા

દાહોદ,

કોવિડ ની વિકટ પરિસ્થિતિઓ વચ્ચે દરરોજ કોરોના પ્રોટોકોલ પ્રમાણે અને અન્ય બીમારીઓ થી દાહોદ શહેર માં મર્ત્યઅંક પ્રતિદિન વધી રહ્યો છે, ત્યારે એવા કપરા સમયમાં હિન્દુ સ્મશાન ગ્રહમાં દરરોજ સવારે ૬ વાગે થી મૃતદેહ આવવાનો પ્રારંભ થાય તો આ સિલસિલો રાત્રે ૧૧વાગે સુધી ચાલે છે. અંદાજે દરરોજ આ એક સમશનમાં ૪૦–૪૫ દરરોજ મૃતદેહ ની અંતિમ વિધિ કરવામાં આવી રહી છે. કિન્તુ હાલની પરિસ્થિતિઓને સરકારની ગાઈડ લાઈનનું પાલન કરતા પરિવારના બહુ ઓછા સદસ્યો મૃતદેહ સાથે આવે છે એવામાં એમની વિધિ કરવામાં ત્યારે સાથે સાથે અન્ય સંસ્થાઓની દેખ રેખ માટે દાહોદ સ્મશાન ઘાટ પર હિન્દુ સંગઠનોના યુવાનો વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળના યુવાઓ દાહોદ નગર પાલિકાના કાઉન્સિલર સાથે મળી દિવસ–રાત મેહનત કરી કપરી પરિસ્થિતિમાં ૧૧–૧૨ વાગે સુધી અંતિમ સંસ્કાર કરવામાં સેવાઓ આપી રહ્યા છે.

આ વિધિ થયી ગયા પછી સ્મશાન માં આખા દિવસ નું કચરો.લાકડી નું કે અન્ય ની સફાઈ માટે રાતે ૧૧વાગે પછી કૈલાશધામ સેવા સમિતિ, દુધેશ્વર મહાદેવ, મુક્તિ ધામ, દાહોદ ના ભકતો દ્વારા મોડી રાત્રે હિન્દૂ સ્મશાન ની સંપૂર્ણ સાફ સફાઈ કરવાનું ભગીરથ કાર્ય કરવામાં આવે છે આ બદ્ધા કર્યો માટે અહીંથી સમાજ ના આગેવાનો વેપારી મિત્રો દ્વારા અહીં આવનારા દરેક મરતદેહો માટે કન્ડે ઘાસ ઘી સરસો તેલ કપૂર અગરબત્તી કફન ની મફત સેવાઓ આ સનગઠનો મારફતે કરવા માં.આવી રહી છે.

## ગરબાડાના બલૈયા ગામે લગ્ન પ્રસંગમાં ચાંદલો ન મૂકવાના મામલે ૧૦ ઈસમોએ ધિંગાણુંમાં ત્રણ વ્યકિતને ઈજાઓ

દાહોદ,

ગરબાડા તાલુકાના બલૈયા ગામે લગ્ન પ્રસંગમાં ચાંદલો ન મૂકવાના આ મામલે દસ જેટલા ઈસમોએ ગેરકાયદેસર મંડળી બનાવી મારક હથિયારો ધારણ કરી એક વ્યક્તિના ઘર તરફ ધૂસી ગઈ ત્રણ જણાને લાકડી તથા કુહાડી વડે મારમારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

બલૈયા ગામે ભગત ફળિયામાં રહેતા રાજુભાઈ રસુલભાઈ ખરાડ તથા તેમના પરિવારજનો ગત તારીખ ૨૪ મી એપ્રિલના રોજ પોતાના ઘરે હાજર હતા તે સમયે તેઓનાજ ગામમાં રહેતા કસનભાઈ ખરાડ,સરદારભાઈ ખરાડ, દીપાભાઈ ખરાડ, સુરપાલભાઈ ખરાડ, દિનેશભાઈ ખરાડ, વિજયભાઈ ખરાડ, સુનિલભાઈ ખરાડ, જનકભાઈ ખરાડ, માનસિંગભાઈ ખરાડ, સુરભાઈ ખરાડ વિગેરેનાઓ પોતાની સાથે કુહાડી, લાકડીઓ જેવા મારક હથિયારો સાથે ગેરકાયદેસર મંડળી બનાવી રાજુભાઈના ત્યાં આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, અમારા ભાઈ માનસિંગભાઈ ખરાડ ના ઘરે ચાંદલો કેમ નથી? કરેલ તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ કુહાડી વડે તેમજ લાકડીઓ વડે રાજુભાઈને પ્રેમજીભાઈ ને નાજુ ભાઈને અને કાળુભાઈને માર મારી શરીરે માથાના ભાગે તેમજ હાથે – પગે ઈજાઓ પહોંચાડી મારી નાખવાની ધમકી આપી ઉપરોક્ત ટોળાએ ભારે હંગામો મચાવી નાશી જતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રાજુભાઈ ખરાડ દ્વારા જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સિંગવડના પીપળીયા ગામે લગ્ન પ્રસંગ બગાડવાના મામલે તકરારમાં ત્રણ વ્યકિતને ઈજાઓ

દાહોદ,

સિંગવડ તાલુકાના પીપળીયા ગામે લગ્ન પ્રસંગમાં ઝઘડો તકરાર કરી પ્રસંગ બગાડવા મામલે થયેલ ઝઘડામાં ત્રણ જણાએ ભેગા મળી મહિલા સહિત બે જણાને લાકડી તથા ગડદાપાટુંનો મમાર મારી શરીરે ઈજા પહોંચાડી ભારે ધિંગાણું મચાવતા પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે. પીપળીયા ગામે મંદિર ફળિયામાં રહેતા રમણભાઈ પુંજાભાઈ પરમાર, રાયસીંગભાઈ પુંજાભાઈ પરમાર અને સનાભાઈ હીરાભાઈ પરમાર ગત તારીખ ૨૪ મી એપ્રિલના રોજ પોતાનાજ ગામમાં રહેતા મુકેશભાઈ વીરસીંગભાઈ પરમારના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, તમો અમારો કોઈપણ પ્રસંગમાં ઝઘડો કરી પ્રસંગ બગાડો છો જેથી હવે પછી તમોને બોલાવવાના નથી, આ સાંભળી મુકેશભાઈ એ કહેલ કે, તમારો પ્રસંગ ક્યારે બગડેલ છે? તેમ કહેતા જ ઉપરોક્ત ત્રણેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ મુકેશભાઈ તથા રેશમબેનને પકડી પાડી ગડદાપાટુનો તેમજ લાકડી વડે અને છૂટા પથ્થરો મારી શરીરે ઈજાઓ પહોંચાડતા આ સંબંધને ઈજાગ્રસ્ત મુકેશભાઈ પરમાર દ્વારા રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદના મહિલા પોલીસકર્મીઓ માટે આરોગ્યલક્ષી વેબીનાર યોજાયો

દાહોદ,

દાહોદના મહિલા પોલીસકર્મીઓ માટે આજ રોજ આરોગ્યલક્ષી વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારનો ૨૦૦ મહિલા પોલીસકર્મીઓએ લાભ લીધો હતો. વેબીનારમાં ડો. શીતલ પંજાબીએ મહિલા પોલીસકર્મીઓ જે કોરોના સંક્રમણના સમયમાં સતત કામગીરી કરી રહ્યાં છે. ઉપરાંત જે મહિલા પોલીસકર્મી સગર્ભા છે કે ધાત્રીમાતા છે તેમણે આ સમય દરમિયાન શું કાળજી રાખવી જોઈએ તે માટે સરસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લાની ૨૦૦ મહિલા પોલીસ કર્મચારીઓએ આ ઓનલાઈન વેબીનારનો લાભ લીધો હતો. આઈવીએફ સ્પેશ્યાલીસ્ટ એન્ડ ગાયનેકોલોજીસ્ટ ડો. શીતલે મહિલા પોલીસકર્મીઓના પ્રશ્નોના વિગતે ઉત્તર આપ્યા હતા અને ભવિષ્યમાં પણ કોઈ પણ સમસ્યા માટે મદદ કરવા તત્પરતા દાખવી હતી. વેબીનારનું આયોજન નાયબ પોલીસ મહાનિરિક્ષક એમ.એસ. ભરાડા અને પોલીસ અધિક્ષક હિતેશ જોઈસરના માર્ગદર્શનમાં લીમખેડાના નાયબ પોલીસ અધિક્ષક ડો. કાનન દેસાઈએ કર્યું હતું.

## દાહોદમાં પોલીસની ઓળખ આપી મોબાઈલની લુંટ કરી ફરાર

દાહોદ,

દાહોદ શહેરમાં ફરી એકવાર પોલીસની ઓળખ આપી એક ચોર ઈસમે એક વ્યક્તિ પાસેથી મોબાઈલ ફોન ઝૂંટવી ફરાર થઈ જતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે રામ કોલોનીમાં રહેતા કાર્તિકકુમાર ભરતકુમાર પરમાર ગત તારીખ ૨૩મી એપ્રિલના રોજ શહેરના રંગ મંચ તરફ ઉભા હતા આ સમય દરમિયાન દાહોદ પરેલ પ્રેમનગર સોસાયટીમાં રહેતો રાહુલ મુલચંદભાઈ પાંડે ત્યાં આવ્યો હતો અને કાર્તિક કુમાર પાસે આવી પોતે પોલીસ હોવાનું જણાવી કાર્તિક કુમારનો મોબાઈલ ફોન ઝૂંટવી લઈ નાસી જતા આ સંબંધે કાર્તિકકુમાર પરમાર દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ફતેપુરાના ડબલારા ગામે છોકરાને ઘરે આવવા દેવા પંચના નિર્ણયને સામે તલવાર વડે ઈજાઓ પહોંચાડી

દાહોદ,

ફતેપુરા તાલુકાના ડબલારા ગામે છોકરાને ઘરે નહીં આવવા દેવા પંચના નિર્ણય સામે એક જણાએ તલવાર વડે એકને હાથના ભાગે મારી ઈજા પહોંચાડી ભારે હંગામો મચાવતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ડબલારા ગામે રહેતા સુરતાબેન ચીમનભાઈ બારીયા અને તેમના પરિવારજનો ગત તારીખ ૨૩મી એપ્રિલના રોજ પોતાના ગામમાં રહેતા કડકિયાભાઈ મંગળાભાઈ બારીયાના ઘરે આવી તેઓને જણાવેલ કે, છોકરો જીતુને ઘરે નહીં આવવા દેવાનો પંચનો કરાર કરેલ છે, તો તમે જીતુને કેમ બોલાવેલ છે? તેમ કહેતા જ કડકિયાભાઈ એકદમ ઉશ્કેરાયા હતા અને તલવાર સાથે દોડી આવી ચીમનભાઈ ના હાથના ભાગે તલવારનો ઘા મારી ઈજા પહોંચાડી લોહીલુહાણ કરી નાખતા આ સંબંધે સુરતાબેન બારીયા દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદના બે આરોગ્યકર્મીઓનું કોરોનાથી અવસાન થતાં વહીવટી તંત્ર દ્વારા શ્રદ્ધાંજલી

દાહોદ,

કોરોના સંક્રમણથી દાહોદ જિલ્લાના બે આરોગ્યકર્મીનું અકાળે અવસાન થયું છે. રેંટિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લેબ ટેકનીશયન તરીકે ફરજ બજાવતા સુ પ્રિયલબેન ચોરીયા જેઓ ફક્ત ૨૯ વર્ષના છે તેમજ છેલ્લા પાંચેક વર્ષથી આરોગ્ય કેન્દ્ર ખાતે કામગીરી કરતા હતા. તેમનું આજ રોજ અવસાન થયું છે. જયારે આરોગ્ય વિભાગમાં ડ્રગ સ્ટોર ખાતે પટાવાળા તરીકે ફરજ બજાવતા ૫૦ વર્ષના જયંતીભાઈ સોમાભાઈ માવીનું પણ કોરોનાથી ગત તા. ૨૪ ના રોજ અવસાન થયું છે. કલેક્ટર વિજય ખરાડીએ બંને આરોગ્યકર્મીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે. તેમણે કર્મચારીઓના પરિવારજનોને સહાયરકમ સમયસર મળે તે માટેની સૂચનાઓ આપી છે.જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે પણ બંને કર્મચારીઓના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. મુખ્ય આરોગ્ય અધિકારી ડો. સી.આર. પટેલ અને અધિક મુખ્ય આરોગ્ય અધિકારી ડો. રમેશ પહાડિયાએ આરોગ્યકર્મીઓના અકાળ અવસાને દુખ વ્યક્ત કરી શાબ્દિક શ્રદ્ધાંજલી પાઠવી હતી.

## શ્વાસની સંજીવની-પ્રોન પોઝિશનથી કોરોનાના દર્દીઓને શ્વાસોશ્વાસની ક્રીયામાં થાય છે સુધારો



દાહોદ,

કોરોના વાયરસથી સંક્રમિત વ્યક્તિ માટે ફાયદાકારક એવી આરોગ્ય વિભાગ દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે તેમાં એક મહત્વની છે પ્રોન પોઝિશન ! કોરોના વાયરસનું સંક્રમણ ફેંફસા સુધી પહોંચે એટલે શરીરમાં થાકની સાથે શ્વાસ લેવામાં પણ તકલીફ વર્તાય છે. આવા સંજોગોમાં જો બહારથી કૃત્રિમ ઓક્સીજન લેવાથી બચવું હોય તો પહેલેથી જ પ્રોન પોઝિશનની ક્રીયા કરતા રહેવું હિતાવહ છે.

દાહોદમાં કોરોનાના દર્દીઓની સારવારનો બહોળો અનુભવ ધરાવતા ડો. મોહિત દેસાઈ ઉક્ત બાબતે જણાવે છે કે, અમે કોરોનાના દર્દીઓને કૃત્રિમ ઓક્સીજનની સાથે આ પ્રોન પોઝિશનમાં સુવડાવીએ છીએ. જેથી તેમની શ્વાસ લેવાની કુદરતી શક્તિમાં વધારો થાય છે. અનેક દર્દીઓ આ ક્રીયા કર્યા બાદ સારી રીતે શ્વાસ લેતા થાય છે.

તે કહે છે, આ ક્રીયા બહુ જ સરળ છે. દર્દીઓ પોતાનું નાક ના દબાય એ રીતે ઉંધુ સુઈ જવાનું અને છાતીના ભાગ નીચે જરૂરત પ્રમાણેની સાઈઝનું ઓશીકું, પેટની નીચે ઘુંટણો પર બે ઓશિકા તેમજ પગના પંજાઓની નીચે એક ઓશીકું મૂકવામાં આવે છે. દર ૬ થી ૮ કલાકમાં ૪૦ થી ૪૫ મિનિટ આવું કરવાથી દર્દીને ફાયદો થાય છે. આ સ્થિતિમાં સુતા બાદ શ્વાસ અંદર લઈ શરૂઆતમાં બેત્રણ સેકન્ડ રોકી રાખવાનો. આવી રીતે શક્તિ પ્રમાણે શ્વાસ અંદર રાખવાનો સમય વધારતો જવાનો. આ પોઝિશનમાં લોહીનું પરિભ્રમણ સારી રીતે થાય છે જેનાથી તે સરળતાથી ઓક્સિજન ગ્રહણ કરી શકેછે. આ ક્રીયા કરવાથી ફેંફસાની કામ કરવાની ક્ષમતામાં વધારો થાય છે.

દાહોદ જિલ્લાના વિવિધ કોવિડ કેર સેંટરોમાં દાખલ કોરોના સંક્રમિત દર્દીઓને ઓક્સિજનનું પ્રમાણ જળવાય તે માટે પ્રોન પોઝિશનના ઉપયોગ શરૂ કરવામાં આવ્યો. વધુમાં હોમ આઈસોલેશન અંતર્ગત કોરોના સંક્રમિત દર્દીઓને પણ પ્રોન પ્રોઝિશનની કોરોના સંક્રમણના કારણે મોટાભાગના દર્દીઓને શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે. આવા સંજોગોમાં પ્રોન પ્રોઝિશન ઓક્સિજનેશન ૮૦ ટકા સુધી સફળ છે. દરેક ચિકિત્સા પ્રણાલીના જાણકાર ડોકટરોએ પણ પ્રોન પ્રોઝિશનને હોસ્પિટલોમાં દાખલ દર્દીઓ માટે સંજીવની સમાન ગણાવ્યું છે.

શ્વાસ લેવામાં તકલીફ હોય તો આ સ્થિતિમાં ૪૦ મિનિટ સુધી રહેવાથી ઓક્સિજનના સ્તરમાં સુધારો થાય છે. આ ઉપરાંત ઉંધા સુવાથી પરફ્યુઝન ઈન્ડેક્સમાં પણ સુધારો આવે છે. પ્રોન પોઝિશન એક્યુરેટ રેસ્પિરેટરી ડિસ્ટ્રેસ સિન્ડ્રોમમાં પણ ઉપયોગમાં લેવામાં આવે છે. આ ચિકિત્સા પ્રવૃત્તિ હેઠળ દર્દીને ઊંધો સુવડાવી દેવામાં આવે છે તેમજ તેની ડોકની નીચે એક ઓશીકું, પેટની નીચે ઘુંટણો પર બે ઓશિકા તેમજ પગના પંજાઓની નીચે એક ઓશીકું મૂકવામાં આવે છે. આ પોઝિશનમાં લોહીમાં ઓક્સીજનેશન સારી રીતે થાય છે જેનાથી તે સરળતાથી ઓક્સિજન ગ્રહણ કરી શકે છે.

## રોઝો નહી તૂટવાના કાર્યો

ભૂલ થી ખાઈ–પી લેવાથી, દાંતમાં અટકેલી ચણા કરતા નાની વસ્તુ ગળ જવાથી, કોગળા કર્યા પછી મોઢામાં રહી જતી પાણીની તરી ગળી જવાથી, આંખમાં દવા કે સૂરમો નાખવાથી, માથામાં તેલ નાખવાથી, આપમેળે ઉલ્ટી થઈ જવાથી, સુઈ ગયા પછી સ્વપ્નદોષને લીધે ગુસ્લ વાજીબ જવાથી ગળામાં માખી–મચ્છર, ધૂળ–ધુમાડો કે લોટના ચાલ્યા જવાથી રોઝો તૂટતો નથી. દાંતણ કરવાથી પણ રોઝો તૂટતો નથી. કારણ કે રોઝાની હાલતમાં તથા તે સિવાય પણ મિસ્વાક કરવું સુન્નત છે.

કોઈપણ ખોરાક અને દવાથી ત્યારે જ રોઝો તૂટશે જ્યારે તે દવા ચામડીના છિદ્રો અને નસો સિવાય શરીરના બીજા માર્ગો દ્વારા મગજ કે હોજરી સુધી પહોંચી જાય (દુરે મુખ્તાર રાદુલ મોહતાર ફતવાએ આલમગીરી)

મસ્સઅલ્લાક– ભુલેસે ખાના ખા રહા થા યાદ આતે હી ફૌરન નિવાલા થૂક દિયા તો રોઝાન ગયા ઔર નિગલ લિયા તો રોઝા જાતા રહા.

મસ્સલા : દાંત સે ખૂન નિકલ કર હલક તક પહુંચા મગર હલકસે નીચે ન ઉતરા તો રોઝા ન ટૂટા ( દુર્રે મુખ્તાર વ ફત્હુલ કદીર)

(બહવાલ તોહ–ફ–એ રમઝાન શરીફ પાન. નં.૧–૪૨)


મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

તા.૨૭/૪/૨૧ ચાંદ-૧૪ રમઝાનુલ મુબારક
ખત્મે શહેરી ૪.૪૦
વકતે ઈફતર ૭.૦૪
આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પૂરતો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 207

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં સોમવારે ૧૦૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે બજારો સ્વૈચ્છિક લોકડાઉન કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. પંચમહાલ જીલ્લામાં ગોધરા, શહેરા, હાલોલ, મોરવા(હ), ઘોઘંબા સહિતના વિસ્તારોમાં સ્વૈચ્છિક લોકડાઉન લગાડવામાં આવ્યું છે. દિવસમાં સવારે ૬ થી ૨ વાગ્યા સુધી પછી બજારો બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આવા વહીવટી તંત્રના પ્રયાસો વચ્ચે પણ કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. કોરોનાની બીજી લહેરમાં પંચમહાલ જીલ્લામાં શહેરી વિસ્તારોની સાથે ગ્રામિણ વિસ્તારોમાં હાલમાં જોવા મળી રહેલ ગતિથી કોરોના સંક્ર્મણના દર્દીઓ વધે તો આરોગ્ય સેવાઓને ભારે અસર થઈ શકે છે. આજરોજ પંચમહાલ જીલ્લાના શહેરી વિસ્તારમાં ૩૪ પોઝીટીવ કેસ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૭૪ પોઝીટીવ કેસ નોધાવા પામ્યા છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઘોઘંબામાં ૨૨ અને કાલોલમાં ૨૫ કેસ નોંધાવા પામ્યા છે. જે ગ્રામ્ય વિસ્તારોમાં વધતા જતાં કોરોના સંક્રમણનો ચિતાર રજુ કરવા માટે પુરતું છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાનો કાળો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ચિંતા વધારી રહ્યો છે. પ્રતિદિન સંક્રમિત કેસ વધી રહ્યા છે. તેમાં પણ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ જે ગતિથી વધી રહ્યો છે. તે ચિંતાનો વિષય બની રહ્યો છે. કોરોનાની બીજી લહેર જીલ્લામાં ઘાતક બનીને લોકો સંક્રમણના ભરડામાં લઈ રહી છે. તેની સામે આરોગ્ય સેવાઓ ચરમરાઈ જવા પામી છે. બીજા સ્ટ્રેન કોરોના સંક્રમણનો ભોગ બનતા દર્દીઓમાં ઓકસીજન લેવલ ઘટી જવાની સમસ્યા વધારે જોવા મળી રહ્યો છે. કોરોના સંક્રમિત પાંચ દર્દીઓ પૈકી ૩ દર્દીઓ ઓકસીજન લેવલ ઘટી જવાની સમસ્યા થી ઝઝુમી રહ્યા છે. તેની સામે હોસ્પિટલમાં ઓકસીજનની ઘટ અને બેડની સુવિધાના અભાવે કોરોના સંક્રમિત દર્દીઓને સરકારી કોવિડ હોસ્પિટલમાં સારવાર માટે બેડ નહિ મળવાને લઈને ખાનગી હોસ્પિટલો તરફ વળી રહ્યા છે. પરંતુ ખાનગી હોસ્પિટલોમાં પણ ઓકસીજન અને વેન્ટીલેટર બેડની સુવિધા ધરવા બેડની સંખ્યા ઝાંઝી ન હોવાથી સરકારી હોસ્પિટલોમાં દર્દીને સારવાર માટે દાખલ કરવા ભલામણો કરવી પડે તેવી સ્થિતી નિર્માણ થઈ રહી છે. આ રાજ્યભરના તમામ જીલ્લામાં આ સ્થિતી જોવા મળી રહી છે. ત્યારે હવે લોકો પાસે કોરોના સંક્રમણથી બચવા માટે માસ્ક પહેરવું અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવુંને આવશ્યક છે. સાથો કામ વગર ઘરની બહાર નહી નીકળીને પોતાને તેમજ પરિવારને કોરોના સંક્રમણથી બચાવી શકાય તે શ્રેષ્ઠ ઉપાય દેખાઈ રહ્યો છે.

આજરોજ જીલ્લામાં ૧૦૬ પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. તેની સામે શહેરી વિસ્તારમાં ૩૪ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૭૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેની સામે આજરોજ કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ૯ દર્દીઓ કોરોના માન આપીને સાજા થતાં રજા અપાઈ છે. જ્યારે જીલ્લામાં સંક્રમિત કેસની સંખ્યાનો આંક ૭૯૫ સુધી પહોંચ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા ડેઈલી રિપોર્ટમાં કોરોના મૃત્યુઆંક ઝીરો દર્શાવવામાં આવ્યો છે. તે જોતાં સબ સલામત હોવાનું દેખાઈ રહ્યું છે. તેમ છતાં કોરોના મહામારીની બીજી લહેર ઘાતક છે અને સંક્રમણ જલ્દી લોકોને શકંજામાં લઈ રહ્યું છે. ત્યારે સંક્રમણ થી બચવું તે પોતાના અને પરિવાર માટે જરૂરી છે.

## પંચમહાલ આરોગ્ય વિભાગના ડેઈલી કોરોના રિપોર્ટમાં મૃત્યુઆંક ઝીરો : બીજી તરફ સ્મશાનમાં ૧૯ના ઓફ ધ રેકોર્ડ અંતિમ સંસ્કાર

પંચમહાલ જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમણના દર્દીઓ વધી રહ્યા છે. બીજા સ્ટ્રેન કોરોના સંક્રમણમાં દર્દીઓને ઓકસીજન લેવલ ઘટી જવાની સમસ્યા થી ઓકસીજન સપોર્ટ કે વેન્ટીલેટર હેઠળ રાખવામાં આવી રહ્યા છે. કોરોનાની બીજી લહેરમાં દેશ સહિત રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓના મૃત્યુઆંક વધી રહ્યો છે. પંરતુ પંચમહાલ જીલ્લામાં કોરોના મૃત્યુઆંક છેલ્લા કેટલાક દિવસ થી ઝીરો દર્શાવવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગના ડેઈલી રિપોર્ટમાં કોરોના સંક્રમિત દર્દીના મોતનો આંક ઝીરો હોવાનું દર્શાવવામાં આવી રહ્યું છે. તેની વચ્ચે ગોધરા સ્મશાનમાં થતાં કોવિડ ગાઈડ લાઈનથી અગ્નિ સંસ્કારના બે માં આભ જમીનનો ફરક જોવા મળી રહ્યો છે. ૨૬ એપ્રિલના રોજ આરોગ્ય વિભાગના ડેઈલી રિપોર્ટમાં મૃત્યુઆંક ઝીરો છે. જ્યારે સ્મશાનમાં ૧૯ જેટલા મૃતદેહના અગ્નિ સંસ્કાર કોવિડ ગાઈડ લાઈન મુજબ કરાયા છે. ત્યારે આરોગ્ય વિભાગ કોરોના મૃત્યુઆંક છુપાવી કેમ રહી છે. તેને લઈ લોકોમાં આરોગ્ય વિભગાની કામગીરી ઉપર શંકાથી જોઈ રહ્યા છે.

## આજરોજ ૪૫ ઉપરની વયના ૯૫૪૨ વ્યકિતને વેકસીન અપાઈ

કોરોના મહામારીની બીજી લહેરમા કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે કોરોના સંક્રમણ થી લોકોને બચાવવા માટે કોરોન વેકસીન ઉપર ભાર મુકવામાં આવ્યા છે. તેની પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગ અમલવારી કરાઈ રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા આજરોજ ૨૬ એપ્રિલના રોજ જીલ્લામાં ૪૫ વર્ષથી ઉપરની વય ધરાવતા ૯૫૪૨ વ્યકિતને કોરોન વેકસીન આપવામાં આવી છે. કોરોના વેકસીન કોરોના સંક્રમણ થી બચાવે છે સાથે જો કોરોના સંક્રમિત થાય તો સંક્રમણની ધાતક અસર થી બચાવે છે. ત્યારે લોકો વેકસીન મુકાવે તેવી અપીલ પણ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

## પંચમહાલમાં આજની કોરોનાના કેસની સંખ્યા

: શહેરી વિસ્તાર :
ગોધરા-૧૦
હાલોલ-૨૧
કાલોલ-03

: ગ્રામ્ય વિસ્તાર :
ગોધરા-૦૭
હાલોલ-૦૯
કાલોલ-૨૨
ઘોઘંબા-૨૫
જાંબુઘોડા-૦૭
શહેરા-૦૧
મોરવા(હ)-૦૧

આજના પોઝીટીવ કેસ-૧૦૬
સાજા થયેલ દર્દીને રજા અપાઈ-૯૦
સક્રિય કેસ-૭૯૫

# ગોધરાના મુસ્લિમ સેવાભાવી ફિરદૌસ કોઠી દ્વારા કરાઈ જરૂરતમંદ લોકોને આર્થિક મદદ


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

ડો. અલ્લામા ઈકબાલની ખૂબ જ પ્રખ્યાત નઝમની ઉપરોક્ત પંકિત ગોધરાના મુસ્લિમ ઉદ્યોગપતિ ફિરદૌસ કોઠીના વ્યક્તિત્વને ઠીક ઠીક બંધ બેસતી હોય તેવું સ્પષ્ટ દેખાય છે. જેમાં કોઈ અતિશયોક્તિ ન કહી શકાય. કારણ કે આ મુસ્લિમ ઉદ્યોગપતિ વખતો વખત શહેર તેમજ શહેરની બહાર પણ નાત જાતના ભેદભાવ વગર જરૂરિયાતમંદ લોકોની વહારે દોડી જાય છે. અને પોતાનાથી બનતી મદદ કરે છે.

તેમના આ નિઃસ્વાર્થ સેવાનું ઉદાહરણ આજ રોજ ગોધરાના ખાડી ફળિયા વિસ્તારમાં જરૂરિયાત મંદ લોકોને આર્થિક મદદ કરતા જણાઈ આવ્યું હતુ.

ઉનાળાની કાળઝાળ ગરમી અને મુસ્લિમોનો પવિત્ર રમઝાન માસ જેમાં હાજી સાબ પોતે રોઝાથી હોવા છતાં ગોધરા શહેરના ઉલમાએ કિરામને પોતાની સાથે રાખી હિન્દુ મુસ્લિમ બિરાદરોને આર્થિક મદદે પહોંચી ગયા હતા. આજ રોજ ગોધરાના ખાડી ફળિયા વિસ્તારમાં હાજી ફિરદૌસ કોઠી સાહેબ દ્વારા હિન્દુ-મુસ્લિમ ગરીબ પરિવારોને રોકડ રકમ આપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડવામાં આવ્યું હતું.

જરૂરતમંદ લોકોને રૂબરૂમાં જઈને પોતે એમના હાથો હાથ આપી એક ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડવામાં આવ્યું હતું. જેને લઈ ખાડી ફળિયા વિસ્તારના લોકોએ હાજી સાબની ખૂબ પ્રશંસા કરી દુઆ યાચના સાથે આભાર માન્યો હતો. પંચમહાલ દૈનિક સમાચારની ટીમ વતી પણ હાજી ફિરદૌસ કોઠીને માનવતાના ઉમદા કાર્ય બદલ ખૂબ ખૂબ અભિનંદન.

# કાલોલ નગરના નવા બનાવેલ રસ્તોઓ થોડાક જ દિવસોમાં બિસ્માર હાલતમાં


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ નગરના ખખડધજ રોડોની નવિનીકરણ કરવા માટે સરનીમ ગ્રાન્ટ માંથી અંદાજીત રૂા.૧.૪૫ કરોડની ગ્રાન્ટ ની મંજુરી મળી હતી. કાલોલ નગરનાં રસ્તાઓનું નવિનીકરણ માટે નું ટેન્ડર અંમ્બર કંન્ટકસનને શીરે ફાળવાયુ છે. પરંતુ નગરપાલિકાના ચુપ વહીવટી તંત્ર સામે કંજુસાઈ કરતા કોન્ટ્રાક્ટરોને ઘી કેળાં થઈ જાય છે.જ્યારે આવા નવા બનેલા લાલ દરવાજા થી તિવારી દવાખાના તરફના રસ્તાઓ પર કોન્ટ્રાક્ટરોની કંજુસાઈના કારણે રોડ પર કાંકરા તરી આવ્યા છે. જે નગરજનોના પગમાં ચુકી રહ્યા છે. પરંતુ સારી કામનાઓ સાથે નગરજનોએ વોડેમાં ચુટી લાવેલા સભ્યો અને પ્રમુખ/ઉપપ્રમુખ પ્રજા માટે નિંદનીય સાબિત થઈ રહ્યા છે. કે પછી કોન્ટ્રાક્ટરોના ઘી કેળાં નો પ્રસાદ મળી રહ્યો છે ? કે પછી નગરનાં રસ્તાઓ બનાવવા પાછળ કરોડો રૂપિયા ની ગાંન્ટો ખાડે જઈ રહી છે તેની મજા માણવા પાલિકાની ખુરશી સ્વીકારી રહ્યા છે ? હાલનાં નવા બનાવેલા શહેર ના રસ્તાઓ બનાવવા પાછળ કરકસર સામે પાલિકાના ચીફ ઓફિસર અને એન્જીનીયર પણ આંખ આડા કાન કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. કે પછી આવાં સરકારી અધિકારીઓ નું સત્તા આગળ શાણપણ નકામું હોય તેવી પરિસ્થિતિ સર્જાઇ છે ? કાલોલ નગરમાં વિકાસની ગ્રાન્ટોનો વહીવટી ખાડે જઈ રહી હોવાની લોક ચર્ચાઓ સમગ્ર કાલોલ નગરમાં ટીકાના ભાગરૂપે વિફરી રહીં છે. જેથી હવે જિલ્લા તંત્ર દ્વારા નગરના કામ કરતાં કોન્ટ્રાક્ટ આને અધિકારી અને પદાધિકારીઓ સામે યોગ્ય પગલાં લેવાય તેવી લોક માંગ ઉપસ્થિત થઈ રહી છે. હવે કાલોલ નગરનો વિકાસનો વેગ કઈ તરફ વેગ લેશે તે જોવું રહ્યું.

# મોરવા રેણા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં નવીન મકાનનું લોકાર્પણ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલૂકાના મોરવા રેણા ખાતે ૧ કરોડ ૨૫ લાખના ખર્ચે નવિન બનેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના મકાન નુ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના વરદ હસ્તે રીબીન કાપીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુવિધાથી સજ્જ હોવા સાથે કોરોનાના કહેરમાં ૧૧ જેટલા ગામના લોકો માટે આશીર્વાદ સમાન બનશે.

શહેરા તાલુકાના મોરવા રેણા ખાતે ૧ કરોડો ૨૫ લાખ રૂપિયાના ખર્ચે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન બનીને તૈયાર થઈ ગયુ હતું. તાલુકા આરોગ્ય અધિકારી ડો. ભરત ગઢવી અને ગામના અગ્રણી એન.એ.પટેલ, સંજય ભાઈ બારીયા, દિલીપભાઈ મહેર તેમજ ભૂરાભાઈ બારીઆની ઉપસ્થિતિમાં નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના હસ્તે રીબીન કાપીને પ્રજાજનો માટે ખૂલ્લુ મૂકવામાં આવ્યુ હતું. આ નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુવિધાથી સજજ હોવાથી સ્થાનિક ગામ સહિત આજુ બાજુના પોયડા, ભૂરખલ, રેણા, ગોકળપુરા સહિતના ૧૧ જેટલા ગામના ૩૦ હજારથી વધુ લોકોને સારવાર નો લાભ મળવા સાથે આશીર્વાદ સમાન બની જશે તેમ છે. કોરોના કહેર મા બિમાર દર્દીઓને અહી વધુ સુવિધા સાથે સારવાર મળી રહશે તેમ આરોગ્ય અધિકારી ડો.ભરતભાઈ ગઢવી પાસેથી જાણવા મળ્યુ હતું. નવીન આરોગ્ય કેન્દ્ર બનવાથી હવે મોરવા રેણા તેમજ આસપાસના ગામોના લોકોને ઘર આગણે આરોગ્યલક્ષી સુવિધા મળી રહેશે ત્યારે પ્રજાજનો એ પણ ખાનગી દવાખાના મા સારવાર લેવાની જગ્યાએ હાલની પરિસ્થિતિને જોતા સરકારી હોસ્પિટલ અને દવાખાનામાં બીમાર પડેતો સારવાર લેવી જોઈએ તે જરૂરી લાગી રહયુ છે.


# કાલોલન ઝાંખરીપુરા ગામે મોત વ્હાલું કરવા કુવામાં પડેલ બહેનને બચાવવા પડેલ ભાઈનું મોતઃ બહેન સારવાર હેઠળ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના ઝાંખરીપુરા ગામનાં એક પરીવાર ના બે ભાઈ-બહેન મોબાઈલ જોવા બાબતે બંને વચ્ચે તકરાર થઈ હતી.જેના કારણે બહેન નારાજગી દર્શાવી ગામનાં કુવામાં ઝંપલાવી દેતાં બહેનનો જીવ બચાવવા ભાઈ પણ પાછળ છંલાગ લગાવી હતી.કુવામા પડેલાં બંને ભાઈ-બહેનને ગંભીર ઈજા થતાં ભાઈનું મોત નિપજ્યું જ્યારે બહેન ને વધું સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. કાલોલ તાલુકાના નજીકના ઝાંખરીપુરા ગામના માતાવાળા ફળીયામાં લક્ષ્મણભાઈ અમરાભાઈ રાઠોડ રહે છે. લક્ષ્મણભાઈ અને તેમણી પત્નીને લગ્ન દામ્પત્ય જીવનમાં ત્રણ બાળકો હતાં. જેમાં બે પુત્રી અને એક પુત્ર હતાં. સૌથી મોટી પુત્રીના હાથ પિળા (લગ્ન) કરાવી દિધા હતાં.જ્યારે બીજી પુત્રી ચંદ્રીકાબેન (ઉ.વે.૨૦) પછીનો પુત્ર હેતલકુમાર (ઉ.વે.૧૮) પોતાના માતા-પિતા સાથે રહેતાં હતાં. સોમવારનાં રોજ ઝાંખરીપુરા માતાવાળા ફળિયામાં આવેલ ઘરમાં બંને ભાઈ-બહેન માં મોબાઈલ ફોન જોવા બાબતે તકરાર થઈ હતી. જેનાં કારણે નારાજ થયેલી ચંદ્રીકાબેન ઘરેથી નિકળી ઝાંખરીપુરા ગામના ઝાંપે આવેલ એક પંચાયતના કુવામાં જઈ આત્મહત્યા કરવા ઝંપલાવી દિધું. જોકે નારાજગી દર્શાવી ઘરમાંથી બહાર નિકળી ગયેલ બહેન પાછળ ભાઈ હેતલ પણ દોડ્યો હતો.પરંતુ પોતાની મોટી બહેને હૃદય કંપાવી નાખે તેવું પગલું ભરેલું જોઈને કુવામાં પડેલ બહેનને બચાવવા ભાઈએ પણ કુવામાં ઝંપલાવી દીધું હતું.પરંતુ કુવામાં પાણી ન હોવાને કારણે બંને ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેનાં કારણે ગામનાં લોકો કુવા પાસે દોડી ગયાં હતાં. ગ્રામજનોએ બંને ભાઈ-બહેન ને કુવામાંથી બહાર કાઢતાં બંને ગંભીર ઈજાગ્રસ્ત થયા હતાં.જેથી સારવાર અર્થે કાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.પરંતુ મોત વ્હાલું કરવા પડેલ બહેનને વધુ સારવાર માટે હાલોલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી અને ભાઈ સારવાર મળે તે પહેલા જ મુત્યુ પામ્યો હતો.સમગ બનાવની જાણ ઝાંખીપુરાના તેમના પિત્રાઈભાઈ એ કાલોલ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. કાલોલ પોલીસે ફરીયાદ નોધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

# વેજલપુર ગામમાં મીની વોટર વર્કસની ટાંકી શોભાના ગાંઠીયા સમાન



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં પાણી પુરવઠા વિવેકાધન ૨૦૧૭/૧૮ યોજના હેઠળ મીની વોટર વર્કસની યોજનમાં ગામમાં કેટલીક જગ્યાએ વિવેકાધન મીની વોટર વર્કસ યોજના દ્વારા પાણીની ટાંકી નળ અને મોટર સહિત વેજલપુર ગામમાં કેટલીક જગ્યાએ મુકવામાં આવેલ છે. તે ભરઉનાળામા શોભાના ગાઠીયા સમાન બંધ નજરે પડે છે. આ યોજનામાં મુકેલ ટાકા માત્ર થોડા સમય માટે ચાલું હતા અને કેટલાક સમયથી બંધ હાલતમાં છે અને બોર માંથી મોટર પણ ગાયબ છે. ગામમાં કેટલાક વિસ્તારોમાં પાણી માટે લોકો વલખાં મારે છે. તેમ છતાં વેજલપુર ગ્રામ પંચાયત ના તલાટી ક્રમ મંત્રી અને સરપંચ અને સભ્યો ને ગામ મા શુભ અને સેવા જેવા સારા કામો કરવાની કઈજ પડી નથી. જ્યારે બીજી તરફ વાત કરીએ તો પાણી માટે કેટલાક લોકો દ્વારા પરબો બાંધવામાં આવે છે. ત્યારે વેજલપુર ગામના તલાટી ક્રમ મંત્રી સરપંચ અને સભ્યો કુંભકર્ણી ની નિદ્રામા દેખાય છે તો શું હવે વેજલપુર ગામના તલાટી ક્રમ મંત્રી આર.સી.ભોઈ અને સરપંચ અને સભ્યો ગામમાં સેવા ભાવિ અને સારા કામો કરી ને ગામમાં એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડશે કે પછી દિવા તળે અંધારૂ રહેશે તે જોવુ રહયું.

# ગામડા હોય કે શહેર, ઘરે ઘરે ખટાલા, પોઝિટિવિટી રેટ ૧.૫%થી વધીને ૮.૫ ટકા

ગાંધીનગર,

બનાસકાંઠા, મહેસાણા, પાટણ, વાપી, વલસાડ, પંચમહાલ, છોટાઉદેપુર, કચ્છ, અમરેલી, પોરબંદર, રાજકોટ જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં સ્થિતિ અત્યંત ખરાબ. સૌથી વધુ અમદાવાદમાં પોઝિટિવિટી રેટ ૧૬ ટકા તો સૌથી ઓછો જુનાગઢમાં ૩.૫ ટકા સુરત વડોદરા અને રાજકોટ કરતા પણ મહેસાણાનો પોઝિટિવિટી રેટ વધુ મૃત્યુઆંક મામલે ગુજરાત ત્રીજા નંબર, મોટાભાગના કેસ મહાનગરોમાં આવી રહ્યા છે.

ગુજરાતમાં એપ્રિલ મહિનામાં કોરોના વાયરસના સતત વધી રહેલા સંક્રમણને પગલે એક તબક્કે ૧.૫ ટકા સુધી પહોંચી ગયેલો પોઝિટિવિટી રેટમાં મોટો ઉછાળો આવ્યો છે. રાજ્યનો સરેરાશ પોઝિટિવિટી રેટ વધીને ૮.૫ ટકા જેટલો થઈ ગયો છે. પરંતુ જો જિલ્લા અને શહેર અનુસાર જોઈએ તો સૌથી વધુ ગંભીર સ્થિતિ અમદાવાદની છે જ્યાં પોઝિટિવિટી રેટ વધીને ૧૬ ટકા જેટલો થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧.૮૦ લાખ ટેસ્ટ કરાયા હતા. તેની સામે ૧૪૨૯૬ સંક્રમિત દર્દીઓ મળી આવ્યા છે. જ્યારે કોરોના વધુ ૧૫૭ લોકોને ભરખી ગયો છે.

જો સરકારી ચોપડાની વાત કરીએ તો તેમાં પણ અમદાવાદનો પોઝિટિવિટી રેટ ૧૬ ટકા, મહેસાણા ૧૧, વડોદરા ૧૦, જામનગર ૧૩, ભાવનગર ૫.૨, સુરત ૫, ગાંધીનગર ૪.૫, રાજકોટ અને જુનાગઢ ૩.૫ ટકા નોધાયો છે. જોકે આ આંકડા સરેરાશ દૈનિક ટેસ્ટિંગના સાપેક્ષમાં છે અને તે પણ સરકારી ચોપડે નોંધાયેલા. પરંતુ હવે કોરોના સંક્રમણ મહાનગરોથી બહાર નીકળીને આસપાસના નગરો અને ગામડાઓમાં પસરી રહ્યું છે. દૂરસુદૂરના જિલ્લાઓના અંતરિયાળ પીએચસી, સીએચસી સેન્ટરમાં વ્યવસ્થા ઉભી કરવાની નોબત આવી છે. જોકે આ વ્યવસ્થાઓ પણ પડી ભાંગી રહી છે.

મહાનગરો સિવાયના જિલ્લાઓમાં જિલ્લા હોસ્પિટલોમાં પણ વ્યવસ્થાના ચીથરે ચીથરા ઉડી રહ્યા છે. સૌથી વધુ બનાસકાંઠા, પાટળ, મહેસાણા, સાબરકાંઠા, કચ્છ, રાજકોટ, પોરબંદર, અમરેલી, સુરેન્દ્ર નગર, પંચમહાલ, દાહોદ જેવા જિલ્લાઓમાં હાલત અત્યંત ખરાબ બની રહી છે. અનેક એવા નાના નાના ગામડાઓ છે જેમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો સાથે અનેક દર્દીઓ મૃત્યુ પામી રહ્યા છે. જ્યારે બાકીનાને શ્વાસ લેવામાં તકલીફ થતી હોવા છતા શહેરો સુધી ટેસ્ટ કરાવવા પહોંચી શકતા નથી.

દરમિયાન અમદાવાદમાં ૫૭૯૦ અને ગ્રામ્યના ૭૪ એમ કુલ મળઈને ૫૮૬૪ દર્દીઓ ઉમેરાયા છે. જેની સામે શહેરના ૨૭ અને ગ્રામ્યના ૨ મળી કુલ ૨૯ દર્દીઓ કોરોનાના ખપ્પરમાં હોમાયા છે. જ્યારે બીજા સૌથી પ્રભાવિત સુરતમાં ૨૧૦૩ નવા કેસ નોંધાયા છે. જેમાં શહેરના ૧૬૯૦ છે. મહત્વનું છે કે સુરત શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં બીજી વખત કોરોના કેસનું ભારણ ઓછું નોંધાયું છે. રાજ્યમાં હવે કુલ કેસ વધીને ૪,૯૬,૦૩૩ એટલે કે ૫,૦૦,૦૦૦ની નજીક પહોચી ગયા છે. જેની સામે રિકવર્ડ થયેલા દર્દીઓની સંખ્યા ૩,૭૪,૬૯૯ પહોંચી ગઈ છે. જ્યારે મૃત્યુઆંક ૬૩૨૮ સુધી પહોંચી ગયો છે. તો રિકવરી રેટ ઘટીને ૭૫.૫૪ ટકા થતાં એક્ટિવ કેસ વધઈને ૧,૧૫,૦૦૬ થયા છે.

# કોરોનાનો પ્રકોપ સાથે નવી ઉપાધી, અમદાવાદમાં 'યલો એલર્ટ', ૪૪ ડિગ્રીએ જશે તાપમાન

અમદાવાદ,

રાજ્યમાં એકતરફ કોરોના મહામારી સતત વધી રહી છે. દૈનિક ૧૪ હજારથી વધુ કેસ સામે આવી રહ્યા છે. ત્યારે હવે કાળઝાળ ગરમીનું પણ આગમન થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યના મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો ૪૧ ડીગ્રીથી વધારે છે, જ્યારે આજે અમદાવાદમાં તાપમાન ૪૪ ડીગ્રી સુધી પહોંચી શકે

(અનુ.પાના.નં.૨)